RNI Reg. GUJGUJ/2010/44893

**સુવિચાર**

નકામા ખર્ચા જીવનની વ્યવસ્થાને
અને નકામી ચર્ચા મનની અવસ્થાને
ખરાબ કરી દે છે...

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક



કાળીપાટ ગામે અનુ. જાતી સામુ. ખેતી સહકારી મંડળીના જમીન કૌભાંડમાં તટસ્થ તપાસની માંગ P-4

Year-16, Issue-166 ■ DATE : 28-10-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વાવાઝોડુ 'મોન્થા' ગમે તે સમયે આંધ્રના કિનારે ત્રાટકશે

### બંગાળના અખાતમાં સર્જાયેલું તોફાન તટીય ક્ષેત્ર ભણીઃ ૧૧૦ કિમીની ઝડપ સાથેના ભારે પવનને કારણે દરિયો તોફાની બનવાની સંભાવનાઃ પશ્ચિમ બંગાળ, તામીલનાડુ અને ઓડીસાને પણ અસર કરશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચક્રવાત મોન્થા આંધ્રપ્રદેશના દરિયાકાંઠે પહોંચવાનું શરૂ કરી દીધું છે. તે ૧૮ કિમી પ્રતિ કલાકની ઝડપે વિશાખાપટ્ટનમ તરફ આગળ વધી રહ્યું છે. મંગળવારે તે એક ગંભીર ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ શકે છે. આ વાવાઝોડું કાકીનાડા નજીક, માછલીપટ્ટનમ અને કલિંગપટ્ટનમ વચ્ચે લેન્ડફોલ કરી શકે તેવી શકયતા છે. આ સમય દરમિયાન પવનની ગતિ ૯૦ થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. દરિયાકાંઠાના અને નીચાણવાળા વિસ્તારોમાં સ્થાનિક અધિકારીઓએ સતર્કતા જાહેર કરી છે અને લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની તૈયારી શરૂ કરી છે. વિશ્વભરના હવામાન નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે, આવનારા વર્ષોમાં તોફાનો વધુ ઝડપી, શક્તિશાળી અને વધુ વિનાશક બની શકે છે. સમુદ્રનું વધતું તાપમાન હવે વાવાઝોડાને અતિશય ઊર્જા પૂરી પાડી રહ્યું છે અને આ ધીમી ગતિના લાંબા સમય સુધી ચાલતા તોફાનો માનવજીવન અને અર્થતંત્ર માટે ગંભીર જોખમ ઉભું કરી રહ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, કાકીનાડા-માચિલીપટ્ટનમ દરિયાકાંઠે પહોંચતાની સાથે જ તે તીવ્ર બનશે. રાજ્યના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ૯૦ થી ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વરસાદ અને પવન ફૂંકાય તેવી શકયતા છે.

લેન્ડફોલ દરમિયાન ૫ મીટર ઊંચા મોજા ઉછળવાની શકયતા છે. દક્ષિણ મધ્ય રેલ્વે એ વિજયવાડા વિભાગ હેઠળ કાર્યરત ૫૪ ટ્રેનો રદ કરી છે. ચક્રવાત મોન્થાની વિનાશક અસર આંધ્રપ્રદેશમાં દેખાવા લાગી છે. દક્ષિણ મધ્ય રેલવે એ મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને વિજયવાડા વિભાગ હેઠળ ચલાતી ૫૪ ટ્રેન સેવાઓ રદ કરી દીધી છે. તંત્ર મુજબ આવતા બે દિવસ દરમિયાન વિજયવાડાથી ઉપડતી અને આવતી અનેક પેસેન્જર તેમજ એક્સપ્રેસ ટ્રેનોને પણ રોકી દેવામાં આવી છે. રાજમુન્દ્રી, નિદાદાવોલુ, ગુંટુર, કાકીનાડા, તેનાલી, માર્કાપુરમ, માછલીપટ્ટનમ, નરસાપુર, વિશાખાપટ્ટનમ, ઓંગોલ, ભીમાવરમ અને માશેરલા જેવા મુખ્ય સ્ટેશનો પરથી ટ્રેન સેવાઓ સ્થગિત કરવામાં આવી છે. રેલવે અધિકારીઓએ જણાવ્યું કે ચક્રવાતને કારણે પ્રતિકૂળ હવામાનમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે આ સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. મુસાફરોને રદ થયેલી ટ્રેનો અંગે એસએમએસ એલર્ટ દ્વારા માહિ-તી પહોંચાડવામાં આવી રહી છે. હવામાન સામાન્ય થતા જ ટ્રેન સેવાઓ પુનઃ શરૂ કરવામાં આવશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વાવાઝોડાની અસરથી દેશના દક્ષિણ અને પૂર્વ ભાગોમાં આવેલા નવ રાજ્યોમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદ પડી શકે છે. આંધ્રપ્રદેશ, ઓડિશા, તેલંગાણા, તમિલનાડુ, કેરળ, કર્ણાટક, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઝારખંડ.

સોમવારે છત્તીસગઢ અને ઝારખંડમાં ભારે વરસાદ પડ્યો. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓ પણ ભીના થઈ ગયા. તોફાન મોન્થાનું નામ થાઈલેન્ડ દ્વારા આપવામાં આવ્યું હતું અને થાઈ ભાષામાં તેનો અર્થ સુગંધિત ફૂલ થાય છે.

ચક્રવાતથી અસરગ્રસ્ત વિસ્તારોમાં 24x7 કંટ્રોલ રૂમ તેમજ ૭૪ રાહત કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. અવિરત સંચાર સુનિતિ કરવા માટે સેલ ફોન ટાવર્સ પર જનરેટર તૈનાત કરવામાં આવ્યા છે. કલેક્ટરે જાહેર જનતાને સતર્ક રહેવા, અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને તંત્રને સહયોગ આપવા વિનંતી કરી છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ, ચક્રવાત જમીન પર પહોંચે ત્યારે સમુદ્રમાં ખગોળીય ભરતીથી આશરે એક મીટર સુધી ઊંચા તોફાની મોજા ઊભા થઈ શકે છે, જે દરિયાકાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શકયતા વધારી શકે છે. ૨૯ ઓક્ટોબર દરમિયાન કેટલાક વિસ્તારોમાં ૨૦ સેન્ટીમીટરથી વધુ વરસાદ થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

# ગુજરાતના નવા મુખ્ય સચિવ બનતા એમ.કે.દાસ

### હાલમાં CMOમાં અધિક મુખ્ય સચિવ તરીકે કાર્યરત; પંકજ જોશી ૩૧ ઓક્ટોબરે નિવૃત્ત થશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

એમ.કે.દાસને રાજ્યના નવા ચીફ સેક્રેટરી બનાવાયા છે. તેઓ હાલમાં CMOમાં અધિક મુખ્ય સચિવ તરીકે કાર્યરત છે. પંકજ જોશી ૩૧ ઓક્ટોબરે નિવૃત્ત થશે ત્યારબાદ તેઓ ચાર્જ સંભાળશે.

મનોજ કુમાર દાસ, જેને એમ.કે. દાસ તરીકે પણ ઓળખવામાં આવે છે, એ ભારતીય વહીવટી અધિકારી છે. તેઓ ૧૯૯૦ બેચના ગુજરાત કેડરના વરિષ્ઠ (ભારતીય વહીવટી સેવા) અધિકારી છે. તેમની પાસે 30 વર્ષથી વધુ અનુભવ છે અને તેઓ ગુજરાતમાં મહત્વની ભૂમિકાઓમાં કાર્યરત રહ્યા છે.



તેમનો જન્મ ૨૦ ડિસેમ્બર ૧૯૬૬ના રોજ બિહારના દરભંગામાં થયો હતો. તેમણે IIT ખડગપુરમાંથી કમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક. (ઓનર્સ) ડિગ્રી મેળવી છે. તેઓ હાલમાં ગુજરાત સરકારમાં અડિશનલ ચીફ સેક્રેટરી, હોમ વિભાગમાં ફરજ બજાવે છે. તેઓ ૨૦ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ નિવૃત્ત થશે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયમાં પાછા ફર્યા એકમાત્ર અધિકારી છે, જે બે દાયકામાં પહેલી વખત થયું છે. અગાઉ તેઓ વડોદરા અને સુરત જેવા મહત્વના શહેરોના મ્યુનિસિપલ કમિશનર, ૨૦૧૮માં મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી, ગુજરાત મરીન બોર્ડના ચેરમેન તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

પંકજ જોશીએ સિવિલ એન્જિનિયરિંગમાં બી.ટેક.ની પદવી મેળવી છે. આઈઆઈટી, નવી દિલ્હીમાં એમ.ટેક. અને સંરક્ષણ તથા વ્યૂહાત્મક અભ્યાસમાં એમ.ફિલ સાથે ઉત્તીર્ણ થયા હતા. બાદમાં ગુજરાત સરકારના વરિષ્ઠ આઈએએસ અધિકારી તરીકે કાર્યરત થયા હતા.

# તુર્કીમાં ૬.૧ની તીવ્રતાના ભૂકંપથી અનેક ઈમારતો કાટમાળમાં ફેરવાઈ

**મુખ્ય સમાચાર, સિંદિરગી**

દેશની ડિઝાસ્ટર એન્ડ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સીએ જણાવ્યું હતું કે સોમવારે રાત્રે તુર્કીના પશ્ચિમ બાલિકેસિર પ્રાંતના સિંદિરગી જિલ્લામાં ૬.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અનેક ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ગઈ હોવાની માહિતી મળી છે.

ભૂકંપ સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૦.૪૮ વાગ્યે આવ્યો હતો અને તેની ઊંડાઈ લગભગ ૬ કિલોમીટર હોવાનું જાણવા મળ્યું છે. ઈસ્તંબુલ સહિત નજીકના અનેક પ્રાંતોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

તુર્કીના ઉપપ્રમુખ જેવદેત યિલમાઝે જણાવ્યું હતું કે, અન્ય એજન્સીઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં નિરીક્ષણ કરી રહી છે અને પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે. ભૂકંપ સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૦.૪૮ વાગ્યે ૫.૯૯ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. ઈસ્તાંબુલ અને આસપાસના પ્રાંતો બુર્સા,



મનીસા અને ઈઝમીરમાં અનેક આફ્ટરશોક અનુભવાયા હતા.

બાલિકેસિરના ગવર્નર ઈસ્માઈલ ઉસ્તાઓગ્લુના જણાવ્યા અનુસાર, કુલ ૨૨ લોકો ગભરાઈ જવાના કારણે પડી જવાથી ઘાયલ થયા છે. સિંદિરગી જિલ્લા પ્રશાસક દોગુકન કોયુન્કુએ રાજ્ય સંચાલિત અનાડોલુ એજન્સીને જણાવ્યું હતું કે તેમને હજુ સુધી જાનહાનિ કે સંપત્તિને નુકસાનના કોઈ અહેવાલ મળ્યા નથી.

ગૃહમંત્રી અલી યેરલિકાયાએ જણાવ્યું હતું કે સિંદિરગીમાં ઓછામાં ઓછી ત્રણ ખાલી ઈમારતો અને એક બે માળની દુકાન ધરાશાયી થઈ છે. આ ઈમારતોને અગાઉના ભૂકંપમાં નુકસાન થયું હતું. મંત્રીએ ઉમેર્યું હતું કે ગભરાટના કારણે પડી જવાથી બે લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

સોમવારે પણ એટલાન્ટિક મહાસાગરમાં ભૂકંપ આવ્યો હતો. ભૂકંપની તીવ્રતા ૬.૫ હતી અને પૂર્વીય કેરેબિયન સુધી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર ફ્રેન્ચ કેરેબિયન ટાપુ ગ્વાડેલુપથી ૧૬૦ કિલોમીટર પૂર્વમાં, ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપ એન્ટિગુઆ અને સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સ જેવા દૂરના ટાપુઓ પર પણ અનુભવાયો હતો.

# સૌરાષ્ટ્રમાં સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદનો કહેરઃ કપાસ અને મગફળીના પાકને ભારે નુકસાન

### છેલ્લા ૨૪ કલાકમાં ૧થી ૧૦ ઈંચ વરસ્યોઃ રાજુલા ૧૦, મહુવા ૭.૫, ઉનામાં ૫.૫ ઈંચ વરસાદથી ફટકોઃ રાજકોટ શહેર - જિલ્લામાં ઝાપટાઃ આજે પણ ગાઢ માહોલ યથાવત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ગઈકાલે સતત ત્રીજા દિવસે પણ કમોસમી વરસાદનો કહેર ચાલુ રહ્યો હતો અને આજે સવારે પૂરા થતા ૨૪ કલાક દરમ્યાન અમરેલી જીલ્લામાં સૌથી વધુ રાજુલામાં ૧૦ ઈંચ, અમરેલી, જાફરાબાદ, લીલીયામાં ૨-૨ ઈંચ, તેમજ ભાવનગરના મહુવામાં વધુ ૭.૫, તળાજા-વલ્લભીપુરમાં ૪.૫, જેસરમાં ૩.૫, કોડીનારમાં ૨, ગીર સોમનાથના સુત્રાપાડામાં ૬.૫, ઉનામાં ૫.૫ ઈંચ, ગીર ગઢડામાં ૪ ઈંચ, જામનગર પંથકમાં ૦.૫થી ઈંચ, રાજકોટ શહેર-જિલ્લામાં ઝાપટાથી માંડી ૦.૫ ઈંચ, વરસાદ વરસ્યો હતો. ઉલ્લેખનિય છે કે, સતત ભારે વરસાદથી ખેડૂતોની હાલત કફોડી થઈ ગઈ છે. અને મગફળી-કપાસનો લાખો રૂપિયાનો તૈયાર પાક નષ્ટ થઈ ગયો છે અને સર્વત્રથી સરકાર સહાય કરે તેવી માંગ ઉઠી રહી છે. દરમ્યાન મળતા અહેવાલો મુજબ

ગુજરાતમાંથી ચોમાસાએ કાયદેસર રીતે વિદાય લીધા બાદ પણ હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ અમરેલી શહેર સહિત જિલ્લામાં હળવા ઝાપટાંથી લઈ રાજુલામાં ૧૦ માં દસ ઈંચ વરસાદ પડ્યો છે. અમરેલી શહેરમાં છેલ્લા બે દિવસથી કારતક માસમાં અષાઢી માહોલ જામ્યો છે. હળવાથી લઈ ધોધમાર કમોસમી વરસાદ શરૂ રહેવા પામેલ છે. ત્યારે અમરેલી શહેરમાં ગઈકાલ સાંજથી ગઈકાલ બપોર સુધી ધીમીધારે અવિરત કમોસમી વરસાદ શરૂ રહેવા પામેલ હતો. અમરેલીમાં ગઈકાલે જ કમોસમી વરસાદએ મંડાણ કર્યા હતા. અમરેલીમાં ગઈકાલે સાંજથી કમોસમી વરસાદ શરૂ થવા પામેલ છે. ત્યારે પણ આખી રાત ધીમીધારે અવિરત કમોસમી વરસાદ શરૂ રહેવા પામેલ હતો જે આજે બપોર સુધી શરૂ રહેલ હતો. બપોર બાદ કમોસમી વરસાદે ખમૈયા કરેલ છે.

સાવરકુંડલા ગ્રામ્યમાં પંથકમાં ધોધમાર કમોસમી વરસાદ પડતા સાવરકુંડલાના ભમ્મર ગામની ફુલઝર નદીમાં આવ્યું પૂર આવ્યું છે. જ્યારે ભમ્મરની જામવાળી નદીમાં આવ્યું પૂર આવ્યાનું જાણવા મળેલ છે. ભારે વરસાદથી ખેડૂતોની મગફળી તણાઈ જવા પામેલ છે. અને સાવરકુંડલા મહુવા જવાનો માર્ગ બંધ થઈ જવા પામેલ છે.

ગોહિલવાડ પંથકમાં કમોસમી વરસાદ ચાલુ રહ્યો છે. માવઠા એ સમગ્ર જિલ્લામાં જળબંબાકાર ની સ્થિતિ ઊભી કરી છે. જિલ્લાના મહુવામાં વધુ સાડા સાત ઈંચ વરસાદ પડ્યો છે. આજે સવારે ૬ કલાકે કલાકે પૂરા થતા પહેલા ૨૬ કલાક દરમિયાન ભાવનગર જિલ્લાના વલભીપુરમાં ૧૧૦, ઉમરાળામાં ૬૨ ,ભાવનગર શહેરમાં ૩૭ ,ઘોઘામાં ૨૫, સિહોરમાં ૬૪ ,ગારીયાધારમાં ૫૭, પાલીતાણામાં ૪૩, તળાજામાં૧૧૮, મહુવામાં ૧૮૭ અને જેસર માં ૮૧ મી.મી. વરસાદ નોંધાયો છે. કમોસમી ભારે વરસાદથી મગફળી ,કપાસ ,ડુંગળી ,જુવાર ,બાજરી કેળ સહિતના પાકોમાં વ્યાપક નુકશાન થતા ખેડુતો ને પડ્યા ઉપર પાટું ,મોંઘાદાટ ખાતર -બિયારણ નાખ્યાં હોવાથી ખેડુતની મહેનત ઉપર પાણી ફરી વળ્યા છે. જેને કારણે લાખો પિયા નું નુકસાન થયું છે.નુકસાન નો સર્વ કરી વળતર ચુકવવા માંગણી કરવામાં આવી છે.


સલાયા તથા આજુબાજુના ગામોમાં આજે બપોરે કમોસમી વરસાદ ખાબક્યો હતો.ભારે પવન સાથે આ વરસાદ ખાબકતા વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી હતી.આ કમોસમી વરસાદથી ખેડૂતોને ભારે નુકશાની થઈ હતી.લગભગ ખેતરોમાં માંડવી તેમજ અન્ય પાકોને ઉપાડી અને પાથરા કરવામાં આવ્યા હતા.જેમાં વરસાદ પડતા ખેડૂતોને ભારે નુકશાની જવા પામી છે.

# હવે ચેક બાઉન્સ થશે તો ખેર નથીઃ બે વર્ષની સજા થઈ શકે છે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કરોડો ખાતાધારકોની સુરક્ષા અને સુવિધા માટે દર થોડાક સમયે અલગ અલગ પોલિસી રજૂ કરવામાં આવે છે. આ આરબીઆઈ દ્વારા ચેક બાઉન્સિંગ સંબંધિત કેટલાક નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રિઝર્વ બેંક દ્વારા નવી ગાઈડલાઈન્સ આપવામાં આવી છે અને આ ગાઈડલાઈન વિશે જાણી લેવું તમારા માટે ખૂબ જ લાભદાયી રહેશે. ચાલો જોઈએ શું છે ચેક બાઉન્સ સંબંધિત આ નિયમ.

આરબીઆઈ દ્વારા ચેક બાઉન્સને લઈને નિયમ ખૂબ જ કડક બનાવ્યા છે. નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ ૧૮૮૧ની ધારા ૧૩૮ હેઠળ ચેક બાઉન્સ થતાં સજા તેમ જ દંડ ફટકારવાની જોગવાઈ કરવામાં આવી છે. જો તમે પણ આજના ડિજીટલ સમયમાં ચેકથી લેવડદેવડ કરો છો તો તમારે આ સ્ટોરી વાંચી લેવી પડશે.




રિઝર્વ બેંકના નવા નિયમ અનુસાર જો કોઈ વ્યક્તિનો ચેક બાઉન્સ થાય તો એ વ્યક્તિને બે વર્ષની સજા થઈ શકે છે. એટલું જ નહીં કોર્ટ દ્વારા તેને દંડ પણ ફટકારવામાં આવી શકે છે. આરબીઆઈ દ્વારા આ ફેરફાર એટલા માટે કરવામાં આવ્યો છે કારણ કે વ્યવહારમાં પારદર્શક્તા જળવાઈ રહે અને કોઈ ફ્રોડનો સામનો ના કરવો પડે.

ચેક બે જ કારણસર બાઉન્સ થાય એક તો કાં તો તમારા એકાઉન્ટમાં પૂરતું બેલેન્સ ના હોય અને કાં તો તમારી સહીમાં કોઈ સમસ્યા થઈ હોય. આ જ કારણે ચેક પર સહી કરો ત્યારે ખૂબ જ ધ્યાનથી સહી કરવી જોઈએ અને ચેક આપતાં પહેલાં એકાઉન્ટમાં બેલેન્સ છે કે નહીં એ તપાસી લેવું જોઈએ.

ચેક બાઉન્સ થાય એના 30 દિવસમાં જ તમને નોટિસ મોકલવામાં આવે છે એટલે નોટિસ મળ્યાના ૧૨ દિવસની અંદર પેમેન્ટ કરી દેવું જોઈએ, નહીં તો તમારી સામે કેસ ફાઈલ થઈ શકે છે. કેસ ફાઈલ થયાના 30 દિવસની અંદર તમારે કોર્ટમાં સુનાવણી માટે પહોંચવું પડે છે. ટૂંકમાં જો આ બધી લપમાં ના પડવું હોય તો ચેક આપતાં પહેલાં બેંક એકાઉન્ટ પર અને સહી કરતાં પહેલાં ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ.

છે ને એકદમ કામની માહિતી? આ માહિતી તમારા મિત્રો અને પરિવારના લોકો સાથે શેર કરીને તેમના જનરલ નોલેજમાં પણ વધારો કરજો હોં ને? આવી જ બીજી માહિ-તી જાણવા માટે અમારી સાથે જોડાયેલા રહો.

# આવકવેરા વિભાગે દિવાળીના પર્વ દરમ્યાન હજારો કરદાતાઓને રીફંડ ચુકવ્યા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દિવાળીના તહેવારો ઉત્સાહ-ઉમંગ સાથે ઉજવાતા હતા. આ વખતે ઈન્કમટેકસે પણ કરદાતાઓને દિવાળી ગીફટ આપી હોય તેમ ધનતેરસથી લાભપાંચમના પર્વના દિવસોમાં જ હજારો રીફંડ રીલીઝ કર્યા હતા અને કરદાતાઓનાં ખાતાઓમાં રીફંડના નાણા જમા કરી દીધા હતા.

કરવેરા વિભાગનાં સુત્રોએ કહ્યું કે ચાલુ વર્ષે સંખ્યાબંધ કરદાતાઓને ધનતેરસથી લાભપાંચમના દિવસો દરમ્યાન ઈન્કમટેકસના રીફંડ મળ્યા હતા.દેશભરમાં હજારો કરદાતાઓ માટે આ રીફંડ દિવાળી ગીફટ સમાન બની ગયા હતા.

સરકારે તાજેતરમાં જીએસટીનાં દરોમાં ઘટાડો કર્યો હતો અને તે પછી દિવાળીના તહેવારો દરમ્યાન જ રીફંડના નાણાં હાથમાં આવી જતા ઉત્સાહ બેવડાયા હતો. આવકવેરા રીફંડ મેળવનારા કરદાતા મોટાભાગે પગારદાર વર્ગનાં હતા. અમદાવાદના કોલેજ પ્રોફેસરને દિવાળીના દિવસે જ ૧.૩૫ લાખનું રીફંડ મળ્યુ હતું તેમના સાથીદારને




બીજા દિવસે રીફંડના ૯૫૦૦૦ મળ્યા હતા.

કરદાતાઓને ૧૦,૦૦૦ થી માંડીને દોઢ લાખ સુધીના રીફંડ મળ્યા હતા. તહેવારો દરમ્યાન જ નાણાં પરત મળે તેવુ ભાગ્યે જ બનતુ હોય છે. સામાન્ય રીતે મોડા રીફંડનો ગણગણાટ હતો.આ વખતે તહેવારોમાં જ રીફંડ આવી જતા કરદાતાઓ પણ આશ્ચર્યમાં મુકાયા હતા અને ખુશીઓનો પાર ન હતો.

ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના ડાયરેકટર ટેકસ કમીટીનાં ચેરમેન જેનિક વકીલે કહ્યું કે મોટી સંખ્યાનાં કરદાતાઓને તહેવારોને રીફંડના નાણાં મળતા ઉત્સાહ બેવડાયો હતો.

કેન્દ્ર સરકારે આવકવેરા રીટર્ન ફાઈલ કરવાની મુદત ૩૧ જુલાઈથી વધારીને ૧૫ સપ્ટેમ્બર કરી હતી. પરીણામે રીફંડ પણ દિવાળીના તહેવારોમાં મળ્યા હતા. જોકે કેટલાંક કિસ્સામાં રીફંડના નાણાં જુની ટેકસ ડીમાંડ નોટીસમાં એડજસ્ટ કરી દેવાયા હતા.

કરવેરા સલાહકારોના કહેવા પ્રમાણે રીટર્ન ૩૧ જુલાઈ સુધીમાં ફાઈલ થાય તો ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં રીફંડ પ્રોસેસ થતા હોય છે. આ વખતે ૧૫ સપ્ટેમ્બરની ડેડલાઈન હતી. એટલે તહેવારો દરમ્યાન જ રીફંડ આપ્યા હતા. પગારદાર વર્ગ તથા નોકરી-ધંધાની બેવડી આવક ધરાવતાં કરદાતાઓને રીફંડ મળ્યા છે. વેપારી વર્ગનાં રીફંડ હજુ બાકી છે. ઘણા કિસ્સામાં જુની ડીમાંડ સરભર કરી લેવામાં આવી છે.

# વિશ્વ બજારમાં સોનાના ભાવમાં કડાકો

### સોનુ ૪૦૦૦ ડોલરની નીચે ઉતરી ગયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળીના તહેવારો પુરા થવા સાથે જ સોના-ચાંદીમાં તેજીના વળતા પાણી શરૂ થઈ ગયા હોય તેમ આજે ભાવમાં વધુ ગાબડા પડયા હતા. વિશ્વ બજારમાં સોનું ૪૦૦૦ ડોલરની નીચે ઉતરી ગયુ હતું.

સોના-ચાંદીમાં કેટલાંક મહિનાઓથી અસામાન્ય તેજીનો દોર હતો.દિવાળીના તહેવારો દરમ્યાન ભાવો ઐતિહાસીક સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હતા. ભાવ કયા પહોંચશે તે વિશે વેપારીઓ પણ કોઈ ચોકકસ તારણ કાઢવામાં અસમર્થ હતા.જોકે, અમુક નિષ્ણાંત વધુ તેજીની આગાહી કરતા હતા.

હવે ભાવ ઉંધા પડવા લાગ્યા હોય તેમ ભાવમાં વધુ કડાકો હતો.વિશ્વ બજારમાં સોનાનો ભાવ ૪૦૦૦ ડોલરની નીચે સરકીને ૩૯૭૫ ડોલર સાંપડયો હતો. એકાદ સપ્તાહ પૂર્વે જ ૪૩૮૧



ડોલરની સર્વોચ્ચ સપાટી બનાવી હતી તેની સરખામણીએ ૪૦૦ ડોલર નીકળી ગયા છે. ચાંદીનો ભાવ આજે વધુ ઘટીને ૪૬.૭૩ ડોલર સાંપડયો હતો.

રાજકોટમાં આજે પ્રારંભીક કામકાજમાં સોનું ૨૦૦૦ રૂપિયા જેટલુ તૂટીને ૧૨૩૬૦૦ બોલાતું હતું. ચાંદી ૩૦૦૦ થી વધુના ઘટાડાથી દોઢ લાખની નીચે ઉતરી ગઈ હતી અને ભાવ ૧.૪૮ લાખ હતો.

જોકે કોમોડીટી એકસચેંજમાં ટેકનીકલ ખામી સર્જાવાને કારણે કારોબાર અટકયો હતો.પરીણામે હાજરના યોગ્ય ભાવ સેટ થયા ન હતા. સાંજ સુધીમાં વધુ મોટી વધઘટની સંભાવના વ્યકત થતી હતી.

# ઉનાના ગીર ગઢડા પંથકમાં કમોસમી વરસાદને કારણે અનેક ગામોમાં પાણી ફરી વળ્યા

ગામોમાં પાણી ધુસતા ગામો બેટમાં ફેરવાયા આ વરસાદને કારણે ખેડૂતો પાઈમાલ થયા, જગતનો તાત આજે રડી રહ્યો છે



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના ગીર ગઢડા પંથકમાં છેલ્લા બે દિવસથી મેહુલિયો મન મૂકીને વરસી રહ્યો છે જેના કારણે અને ગામોમાં પાણી ફરી વળ્યા છે આ કોમોસમી વરસાદ આફત બનીને વર્ષે રહ્યો છે

ઉના તાલુકાના જુડવડલી ફટસર જેવા અનેક ગામોમાં મચ્છુંદરી નદીનુ પાણી આવી જતા અવરજવર બંધ છે જ્યારે ગીર ગઢડા તાલુકાની વાત કરીએ ત્યારે ધોકડવા વાજડી ગામે ૧૦ નંબરના પાટિયા પાસે એક કાર પાણીમાં ગરકાવ થઈ જેને ગ્રામજનો એ દોરડા વડે તેને બહાર કાઢી જ્યારે તેમાં કારચાલકનો આબાદ બચાવ થયો સમગ્ર ગીર પંથકમાં આ વરસાદને કારણે મગફળી જેવા અનેક પાક પાણીમાં વહેતા થયા ખેતરોમાં પાણી ઘુસિયા જગતનો તાક આજે રડી રહ્યો છે

આ આપ તસવીરમાં જોઈ શકો છો કે આ વરસાદ નહીં પણ જાણે ખેડૂતો માટે આફત આવી તેવા દ્રશ્ય દેખાયા છે જેમાં આજે સંસદ શ્રી રાજેશ ચુડાસમા દ્વારા પણ પત્ર પાઠવવામાં આવ્યું છે લગભગ તાલુકામાં છ ઇંચ કરતા પણ વધુ વરસાદ વરસ્યો છે અને જ્યારે હજી પણ સતત વરસાદ વરસી રહ્યો છે ઉના ગીર ગઢડા તાલુકા ખેડૂતો મૂંઝવણમાં મુકાયા છે આ કો મોસમી વરસાદ ખેડૂતોને દેવાદાર બનાવશે તેવું હાલ ઉના ગીર ગઢડા પંથકમાં દેખાઈ રહ્યું છે.

# ગીર ગઢડા તાલુકામાં કમોસમી વરસાદ પડતા ખેડૂતોને આર્થિક નુકસાન થતાં ભાજપા પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ગીર ગઢડા તાલુકામાં કમોસમી વરસાદ થયેલ છે, હાલમાં ખેડુતોને મગફળી, સોયાબીન વગેરે તૈયાર પાકોની લણણી ની કામગીરી શરુ છે, અને આ કમોસમી વરસાદથી ખેડુતોના મગફળી, સોયાબીન તથા કપાસ વગેરે પાકોને મોટા પ્રમાણ માં નુકશાન થયેલ છે, તેમજ આ કર્મોસમી વરસાદ થી માલઢોર નો ચારો પણ બગડી ગયેલ છે, અને અગાઉ પણ સતત વરસાદ ના કારણે મગફળી ના ઉભા પાકો સડી અને ઊગી ગયેલ જેથી ખેડુતો ને ડબલ આર્થીક નુકશાની થયેલ છે જેથી જતી તેનું સર્વે કરી યોગ્ય વળતર આપવા ગીર ગઢડા ભારતીય જનતા પાર્ટીના તાલુકા પ્રમુખ ધર્મેશ ભાઈ રાખોલીયા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે

# ઉનાના ગીર ગઢડામાં કમોસમી વરસાદને કારણે ખેડૂત તથા માછીમારોને ભારે નુકસાન થતાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના ગીરગઢડા તાલુકામાં છેલ્લા ત્રણથી અવિરત કમોસમી વરસાદ વરસી રહ્યો છે અને હાલમાં પણ ચાલુ છે. આ કમોસમી વરસાદ થી ખેડૂતોને મગફળી, સોયાબીન વગેરે તૈયાર પાકોની લાણણીની કામગીરી શરૂ છે. તેમજ ઘણા ખેડૂતોએ ઘઉં, ચણા તથા ડુંગળી જેવા શિયાળુ પાકનું વાવેતર પણ કરેલ હોય અને આ કમોસમી વરસાદથી ખેડૂતોના મગફળી, સોયાબીન તથા કપાસ વગેરે તૈયાર પાકોને તેમજ ઘઉં, ચણા તથા ડુંગળીના થયેલ વાવેતરમાં પણ મોટા પ્રમાણમાં નુકસાન થયું. તેમજ આ કમોસમી વરસાદ થી માલઢોરનો ચાથયુંરો પણ બગડી ગયેલ. અને અગાઉ પણ સતત વરસાદના કારણે મગફળીના ઉભા પાકો સડી અને ઉગી ગયેલ જેથી ખેડૂતોને ડબલ આર્થિક નુકસાની થયેલ છે.

અત્યારે સતત વરસાદને કારણે ખેડૂતો પાય માલ થયા છે ત્યારે આજે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર પાઠવી એક રજૂઆત કરી છે સત્વરે સુચના આપી અને કમોસમી વરસાદના કારણે ખેડૂતોને ખેતીમાં થયેલ નુકસાનીનો સર્વે કરાવી મારા મત વિસ્તાર ઉના થતા ગીરગઢડા તાલુકાના ખેડૂતોને થયેલ નુકસાનીનું વળતર આપવા માટે આર્થિક સહાય પેકેટ જાહેર કરવામાં આવે તેવી એક અપીલ ધારાસભ્ય દ્વારા કરવામાં આવી છે બંદર વિસ્તારોમાં પણ ભારે નુકસાન થયું છે.

તેવીજ રીતે ઉના તાલુકાના સૈયદ રાજપરા, નવાબંદર સહિતના ગામોના માછીમાર ભાઈઓને આ કમોસમી વરસાદના કારણે પોતાની માછીમારી બોટો છેલ્લા ચાર-પાંચ દિવસ થી બંદર કાંઠે લાંગરીને માછીમારી કરવા દરીયામાં જઈ શકાતુ ન હોવાથી ભર સિઝનમાં આર્થિક નુકસાની થયેલ થયું છેજેથી માછીમારોને પણ યોગ્ય વળતર ચુકવાય તેવી રજૂઆત ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવી છે.

# કાલાવડના ડુંગરાળી દેવળીયા ગામે વીજ કરંટથી ખેડૂત દંપતી સહિત ૩ના મોત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડ તાલુકાના ડુંગરાળી દેવળીયા ગામમાં એક વાડીમાં કામ કરી રહેલા ખેડૂત દંપતિ અને એક શ્રમિક યુવાન ને વીજ આંચકો લાગ્યો હતો, અને ત્રણેયના ઘટના સ્થળે કમ કમાટી ભર્યા મૃત્યુ નીપજ્યા હતા, જેથી ભારે અરેરાટી પ્રસરી છે. કાલાવડ ગ્રામ્ય પોલીસની ટુકડી દોડતી થઈ છે.આ કરૂણ બનાવની વિગત એવી છે કે કાલાવડ તાલુકાના ડુંગરાળી દેવળીયા ગામમાં રહેતા રવજીભાઈ પટેલ નામના ૬૫ વર્ષના ખેડૂત બુઝુર્ગ અને તેમના પત્ની સવિતાબેન પટેલ ઉ.વ. ૬૩.કે જેઓ પોતાની વાડીના તબેલામાં કામ કરી રહ્યા હતા. તેઓની સાથે વાડીમાં જ કામ કરતો બુધાભાઈ નામનો ૨૫ વર્ષનો શ્રમિક પણ તબેલામાં કામમાં સાથે જોડાયો હતો.જે દરમિયાન ઈલેક્ટ્રીક વાયરમાંથી ત્રણેયને એકાએક વીજ આંચકો લાગ્યો હતો, અને ત્રણેયના બનાવના સ્થળે જ કમકમાટી ભર્યા મૃત્યુ નીપજ્યાં હતા. આ ગોઝારા બનાવની જાણ થતાં કાલાવડ ગ્રામ્યના પીઆઇ આર.બી. ઠાકોર પોલીસ ટુકડી સાથે બનાવના સ્થળે દોડી ગયા હતા, અને ત્રણેય ના મૃતદેહોનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવને લઈને ડુંગરાડળી દેવળીયા ગામમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે.

# માળીયા(મી) વવાણીયા ગામે પવનચક્કીમાંથી કોપર વાયરની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા (મી) તાલુકાના વવાણીયા ગામની સીમમાં આવેલ પવનચક્કી નં. -૬૫ના મેઇન દરવાજાનું તાળું તોડીને અજાણ્યા ચોરોએ અંદાજે ૫૦૦ મીટર જેટલો કોપર કેબલ વાયર કિ.રૂ.૨.૨૫ લાખની ચોરી કર્યાની ઘટના સામે આવતા માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

માળીયા (મી) તાલુકાના વવાણીયા ગામની સીમમાં દ્રુઇ તરફ આવેલ સુઝલોન કંપનીની પવનચક્કી નં. VM-65માં ઇલેક્ટ્રિક કોપર કેબલ વાયર ચોરી થયાના બનાવ અંગે ફરીયાદી નરેન્દ્રસિંહ ઉર્ફે પિન્ટુભાઈ મેઘુભા પરમાર ઉવ.૪૫ રહે. વવાણીયા જેઓ ઇગલ આઈ સિક્યુરિટીમાં ફરજ બજાવે છે, તેમણે માળીયા પોલીસને આપેલી ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૨૬ ઓક્ટો.૨૦૨૫ના રોજ વહેલી સવારના ચાર વાગ્યે, ફરજ દરમિયાન સુરક્ષા ઇન્ચાર્જ યોગીરાજસિંહ ભરતસિંહ જાડેજાએ ફોન કરી જણાવ્યું કે વવાણીયા ગામની સર્વે નં. ૪૩ની સીમમાં આવેલ પવનચક્કી નં. VM-65નો દરવાજો ખુલ્લો જોવા મળ્યો છે. જેથી નરેન્દ્રસિંહ પરમાર તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા, જ્યાં પવનચક્કીનો મેઇન દરવાજાના તાળા તૂટેલ હતા અને અંદર ઇલેક્ટ્રિકના કોપર કેબલ વાયરો કાપી લઈ જવાયેલા હાલતમાં જોવા મળ્યા હતા. તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે ૩૦૦ અને ૨૪૦ સ્કવેર એમ.એમ.ના કોપર કેબલ વાયરો આશરે ૫૦૦ મીટર જેટલા કિ.રૂ.૨,૨૫,૦૦૦/-, અજાણ્યા ચોરો દ્વારા ચોરી કરાયેલા છે. પોલીસે અજાણ્યા ચોર સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામ સીટી સી ડીવી પો.સ્ટે.ના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને શોધી કાઢતી એલ.સી.બી.પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીએ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સ્પેશ્યલ ડ્રાઇવનુ આયોજન કરતા એલ.સી.બી.ના પો.ઇન્સ. વી.એમ.લગારીયાએ સુચના આપેલ હોય જેથી પો.ઇન્સ.ના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. પો.સ.ઈ. સી.એમ.કાંટેલીયા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા સ્ટાફના માણસો જામનગર શહેર તથા તાલુકા વિસ્તામા પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન એલ.સી.બી.ના સ્ટાફના ભરતભાઇ ડાંગરને હકિકત મળેલ આધારે નાસતો ફરતો આરોપી રાજદીપગીરી પ્રમોદગીરી ગૌસ્વામી બાવાજી ઉ.વ.૨૫ ધંધો-રીક્ષા ડ્રાઈવીંગ રહે.દિજામ સર્કલ પાસ પ્રગતિપાર્ક-૨ જામનગર વાળો સીટી સી ડીવી પો.સ્ટે.એ પાર્ટ ગુરન. ૧૧૨૦૨૦૦૨૨૫૦૬૩૨.૨૦૨૫ બી.એન.એસ. કલમ-૩૦૬, ૩૩૧.૧, ૩૩૧.૨.વિગેરે મુજબના ગુન્હામા નસતો ફરતો હોય જે જામનગર શહેર માથી મળી આવતા હસ્તગત કરી એ.એસ.આઇ.ભરતભાઇ ડાંગરએ મજકુર ઇસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી સીટી સી ડીવી પોલીસ સ્ટેશનને સોપી આપેલ છે.આ કાર્યવાહી.પો.ઇન્સ.વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ.સી.એમ.કાંટેલીયા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ, નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, ધનશ્યામભાઇ ડેરવાળીયા, ભરતભાઇ ડાંગર, હિતેન્દ્રસિંહ જાડેજા,અરજણભાઇ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, ધમેન્દ્રસિંહ જાડેજા,કાસમ બ્લોચ, સુમિતભાઇ શીયાર,નિર્મળસિંહ જાડેજા, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, અજયભાઇ વિરડા,ભયપાલસિંહ જાડેજા, સુરેશભાઇ માલકીયા, ધમેન્દ્રસિંહ જાડેજા,દયારામ ત્રિવેદી, બીજલભાઇ બાલાસરા તથા ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# જામનગરમાં તા.૩૧ ઓક્ટોબર રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે ''રન ફોર યુનિટી'' કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર, ભારતમાં દર વર્ષે તા.૩૧ ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિતે ઊજવવામાં આવે છે. આ વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના ભાગરૂપે જામનગર જિલ્લા વહીવટીતંત્ર અને જામનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ''રન ફોર યુનિટી-૨૦૨૫'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમના સુચારુ આયોજનના ભાગરૂપે જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.બેઠકમાં.કલેકટરએ.જામનગરવાસીઓ ઉત્સાહપૂર્વક રન ફોર યુનિટી કાર્યક્રમમાં ભાગ લે તે પ્રકારે તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા લગત અધિકારીઓને સૂચનો આપ્યા હતા. આ દોડ રણમલ તળાવ ગેઇટ નં.૧ના પાર્કિંગથી, શ્યામજી કૃષ્ણવર્મા સ્ટેચ્યુથી, મયુર મેડિકલ થઈ રણજીતનગર પટેલ સમાજ ખાતે પૂર્ણ થશે.ત્યારબાદ સ્વચ્છતા હી સેવા કાર્યક્રમની પુર્ણાહુતીના ભાગરૂપે સામુહિક સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે.આ કાર્યક્રમમાં પદાધિકારીઓ, અધિકારીઓ, એનસીસી કેડેટ્સ, હોમગાર્ડસ, શાળાના વિદ્યાર્થીઓ, જામનગરવાસીઓ વગેરે સહભાગી થશે.આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા ડો. રવીમોહન સૈની, નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, ડેપ્યુટી મ્યુનીસીપલ કમિશ્નર ઝાલા તથા લગત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બેલા ગામે મિત્ર સાથે મશ્કરીમાં ગાળો બોલવાની ના પાડતા યુવક પર લાકડી-પથ્થરથી હુમલો, માતા પણ ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના બેલા ગામે મિત્ર વચ્ચેની મશ્કરી દરમિયાન ગાળો બોલવાની ના પાડતા ચાર ઈસમોએ યુવક ઉપર લાકડી અને પથ્થરથી હુમલો કર્યો હતો. હુમલામાં યુવક તથા તેમને છોડાવવા વચ્ચે પડેલી તેમની માતા ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે ચારેય આરોપીઓ સામે વિવિધ કલમ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકાના બેલા ગામે ગત તા. ૨૬/૧૦/૨૦૨૫ રાત્રે બનેલી એક નાનકડી મશ્કરીની ઘટના મારમારીમાં ફેરવાઈ હતી. બનાવ અંગે ફરીયાદી મેહુલભાઈ જયેશભાઈ આચાર્ય ઉવ.૩૭ રહે. બેલા-રંગપર વાળાએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમના મિત્ર સાહીલ સાથે શેરીમાં બેઠેલા હતા ત્યારે ગામના વિવેકભાઈ માધાભાઈ રબારી સાહીલ સાથે મશ્કરીમાં ગાળો બોલી રહ્યા હતા. ફરીયાદી મહુલભાઈએ ગાળો ન બોલવા કહ્યું, જેના કારણે વિવેકભાઈ રબારીએ ઉશ્કેરાયા હતા, જે બાદ આરોપી વિવેકભાઈ પોતાના સાથીદારો જેમલભાઈ જીવણભાઈ રબારી, જગદીશભાઈ જીવણભાઈ રબારી અને નવઘણભાઈ ખોડાભાઈ રબારી સાથે ત્યાં આવ્યા હતા. આરોપી વિવેકભાઈ અને જેમલભાઈએ ફરિયાદી મહુલ આચાર્ય સાથે ગાળો આપીને ઝપાઝપી શરૂ કરી હતી. ત્યારબાદ આરોપી જગદીશભાઈ અને નવઘણભાઈ લાકડીઓ લઈને આવ્યા અને મહુલભાઈને આડેધડ માર મારી ઈજા પહોંચાડી હતી. આ દરમિયાન ફરીયાદી મેહુલભાઈના માતા કનકબેન વચ્ચે પડતા આરોપીઓએ તેમને ધક્કો મારી પાડી દીધા હતા. બાદમાં ચારેય આરોપીઓએ પથ્થર અને લાકડીના ઘા કરી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી ચાલ્યા ગયા હતા. હાલ ભોગ બનનાર મેહુલભાઈની ફરિયાદને આધારે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીનો મચ્છુ-૨ ડેમ ૧૦૦% ભરાયો, એક દરવાજો ૨ ઈંચ ખોલાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જોધપર નજીક આવેલ મચ્છુ-૨ ડેમમાં પાણીની આવક સતત ચાલુ રહેતા ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. સલામતીના ભાગરૂપે એક દરવાજો ૨ ઈંચ ખોલવામાં આવ્યો છે. નીચવાસના ગામોને નદીના પટમાં ન જવા, ઢોર-ઢાંકર ન લઈ જવા તથા માલમિલકત સુરક્ષિત સ્થળે ખસેડવા સૂચના અપાઈ છે.

મોરબી તાલુકાના જોધપર ગામ પાસે આવેલ મચ્છુ-૨ સિંચાઇ યોજનાના ડેમમાં હાલમાં પાણીની આવક ચાલુ રહેતા ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૧૦૦ ટકા સુધી ભરાઈ ગયો છે. સેક્શન અધિકારી બી.સી. પનારા દ્વારા આપેલ માહિતી અનુસાર, ડેમની સલામતી જાળવવા માટે એક દરવાજો ૨ ઈંચ સુધી ખોલવામાં આવ્યો છે, જેથી ડેમના ઉપરવાસમાં સતત પાણીની આવકને ધ્યાનમાં લઈને નીચવાસના મોરબી તથા માળીયા તાલુકાના કુલ ૨૯ ગામોને સાવચેતી રાખવા સૂચના અપાઈ છે. જેમાં મોરબી તાલુકાના ગામોમાં જોધપર, લીલાપર, ભડીયાદ, ટીંબડી, ધરમપુર, રવાપર, અમરેલી, વનાળિયા, ગોર ખીજડીયા, માનસર, નવા સાદુળકા, જુના સાદુળકા, રવાપર નદી, ગુંગણ, નારણકા, બહાદુરગઢ, નવા નાગડાવાસ, જુના નાગડાવાસ, સોખડા અને અમરનગર જ્યારે માળીયા તાલુકાના ગામોમાં વીરવદરકા, દેરાળા, નવાગામ, મેઘપર, હરીપર, મહેન્દ્રગઢ, ફતેપર, સોનગઢ અને માળીયા(મી) ગામોને સેક્શન ઓફિસર (ફલડ સેલ), મચ્છુ-૨ સિંચાઇ યોજના, મોરબી દ્વારા જાહેર કરાયેલા સૂચનામાં જણાવાયું છે કે નદીના પટમાં અવરજવર ન કરવી, ઢોર-ઢાંકરને નદી તરફ ન લઈ જવા, તેમજ માલમિલકત સુરક્ષિત સ્થળે ખસેડી લેવા અપીલ કરવામાં આવી છે.

# મોરબી અને માળીયા(મી)માં તીનપત્તિ અને વર્લી મટકાનો જુગાર રમતા કુલ ૩ ઈસમોની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં તીનપત્તિનો અને માળીયા(મી) માં વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા કુલ ત્રણ ઇસમોની પોલીસ દ્વારા અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી-૨ ત્રાજપર ચોકડી નજીક બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન માનવંતી ઇલેકટ્રીકની દુકાનની બાજુમાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે જુગાર રમતા આરોપી હસમુખભાઈ બચુભાઈ આત્રેશા ઉવ.૪૫ રહે.ત્રાજપર મોરબી-૨ તથા આરોપી લખમણભાઈ મેરુભાઈ ગોલતરા ઉવ.૪૭ રહે.ત્રાજપર મોરબી-૨ વાળાને રોકડા રૂ.૨,૨૦૦/-સાથે ઝડપી લેવાયા હતા, ત્યારે બી ડિવિઝન પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે જુગારના બીજા બનાવમાં, માળીયા(મી) માં સરકારી દવાખાના જવાના રસ્તે જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાનો નસીબ આધારિત પૈસાની હારજીતનો જુગાર રમી રહેલ લતીફભાઈ હૈદરભાઈ કાજેડીયા ઉવ.૩૨ રહે. સરકારી હોસ્પિટલની બાજુમાં માળીયા(મી) વાળાની રોકડા રૂ.૨૫૦/-તથા જુગાર રમવાના સાહિત્ય સાથે અટકાયત કરી, માળીયા(મી) પોલીસે આગળની તપાસ ચલાવી છે.

# જામનગરમાં ખાનગી કંપનીએ ઊંચું વળતર આપવાના સપના દેખાડી કરોડો રૂપિયા રોકાણકારો પાસેથી ખંખેરી લીધા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ખાનગી કંપનીએ રોકાણ કરી વધુ નફો મેળવવાની લાલચ આપીને કરોડો રૂપિયા જામનગર શહેર જિલ્લાના અનેક રોકાણકારો પાસેથી મેળવી લીધા બાદ પાકતી મુદતે નાણાં નહીં આપી છેતરપિંડી કરી હોવાથી એજન્ટ સહિતના અનેક રોકાણકારો રસ્તા પર ઉતર્યા છે, અને તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી છે.જામનગર શહેરના પંચેશ્વર ટાવર પાસે આવેલી યૂનીક મર્કેન્ટાઇલ નામની કંપની દ્વારા રોકાણ માટે લોભામણી અનેક સ્કીમો બહાર પાડવામાં આવી હતી. જે કંપનીમાં એજન્ટો મારફત શહેરભરમાં જુદા જુદા વિસ્તારોના મોટી સંખ્યામા લોકોએ પોતાની બચતમાંથી રોકાણ કર્યું હતું.પરંતુ પાકતી મુદતે રોકાણકારોને પૈસા પરત આપવામાં આવ્યા ન હતા. જેથી અગાઉ પણ રોકાણકારોના દેકારાના કારણે કંપનીના અધિકારીઓએ પૈસા આપી દેવાની ખાતરી આપી હતી. જેથી મામલો થાળે પડયો હતો.પરંતુ તેને બે થી ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં રોકાણકારોને પૈસા પરત મળ્યા નથી. જેથી રોકાણકારોએ એકઠા થઈને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. અને પોલીસમાં ગુનો નોંધાવવા તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. જેથી પોલીસે પણ આ અંગે ઉડાણ પૂર્વકની તપાસ હાથ ધરીને ગુનો નોંધવાની કાર્યવાહી આરંભી છે. જે કંપની દ્વારા કરોડોનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.અત્રે ઉલ્લેખનિય છે કે યુનિક કંપનીના સંચાલકો સામેં અમદાવાદ સહિત અન્ય શહેરોમાં પોલીસ ફરિયાદ નોંધાઈ ચુકી છે જેથી જામનગરમાં પણ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવે, તેવી એજન્ટો અને રોકાણકારો તંત્ર સમક્ષ માગણી કરી રહ્યા છે

# માળીયા(મી) ના સરવડ ગામે રહેણાંકમાં વાવેતર કરેલ ગાંજા સાથે એક પકડાયો

## મોરબી એસઓજી ટીમે સ્થળ ઉપરથી ૩ કિલોથી વધુના વનસ્પતિજન્ય ગાંજાનો જથ્થો જપ્ત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**



માળીયા(મી) તાલુકાના સરવડ ગામે આરોપીના કબ્જા ભોગવટાવાળા રહેણાંક મકાનના ફળીયામાં વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના વાવેતર કરેલ નાના-મોટા લીલા છોડ નંગ-૧૩ જેનુ વજન ૦૩ કિલો ૩૫૦ ગ્રામ સાથે એક ઇસમને મોરબી એસ.ઓ.જી. ટીમ દ્વારા ઝડપી લઈ આરોપી વિરુદ્ધ એનડી પીએસ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

મોરબી પોલીસ અધિક્ષક મુકેશ પટેલે નાર્કોટીક્સ માદક પદાર્થ સાથે સંકળાયેલ ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ખાસ સુચના કરેલ હોય જે અન્વયે મોરબી એસઓજી પીઆઇ એન.આર.મકવાણાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.ટીમ ચાર્ટર મુજબની કામગીરી કરવા પ્રયત્નશીલ હોય તે દરમ્યાન એ.એસ.આઇ. ફારૂકભાઇ પટેલ તથા મદારસિંહ મોરીને સંયુક્ત રીતે ખાનગી બાતમી હકીકત મળેલ કે, પ્રવિણભાઇ મગનભાઇ વિરમગામા રહે. સરવડ, તા.માળીયા(મી) વાળાએ પોતાના રહેણાંક મકાનના ફળીયામાં ગેરકાયદેસર ગાંજાના છોડનુ વાવેતર કરેલ છે તે મુજબની મળેલ બાતમી આધારે આરોપીના રહેણાંક મકાનમાં રેઇડ કરતા આરોપી પ્રવિણભાઇ મગનભાઇ વિરમગામા ઉવ.૪૯ રહે. સરવડ તા.માળીયા(મી) વાળો વાવેતર કરેલ વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના લીલા છોડ નંગ-૧૩ જેનુ વજન ૦૩ કિલો ૩૫૦ ગ્રામ કિ.રૂ.૩૩,૫૦૦/-ના મુદામાલ સાથે મળી આવતા એન.ડી.પી.એસ. એક્ટ મુજબની કાર્યવાહી કરી આરોપીની ધોરણસર અટક કરી માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરાવેલ છે.

# મોરબીમાં ધોધમાર માવઠું, ૨૪ કલાકમાં બે ઈંચ વરસાદ વરસ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મોરબીમાં ૫૦ મીમી (બે ઇંચ), ટંકારામાં ૩૬ મીમી સહિત પાંચ તાલુકામાં કુલ ૧૦૯મીમી કમોસમી વરસાદ નોંધાયો છે. ધોધમાર માવઠાને કારણે હાલ ખેડૂતોને પાકને નુકસાન થવાની ભીતિ સતાવી રહી છે.

મોરબી જીલ્લા સહિત રાજ્યમાં કમોસમી વરસાદની આગાહીને પગલે છેલ્લા ૨૪ કલાક દરમિયાન માવઠાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. જીલ્લા ફ્લડ કન્ટ્રોલ રૂમ દ્વારા પ્રાપ્ત આંકડાઓ મુજબ મોરબીમાં ૫૦ મીમી (બે ઈંચ) વરસાદ નોંધાયો છે, જ્યારે ટંકારામાં ૩૬ મીમી, માળીયા (મી)માં ૦૯ મીમી, વાંકાનેરમાં ૧૦ મીમી અને હળવદમાં માત્ર ૦૪ મીમી વરસાદ પડ્યો હતો. શિયાળાની શરૂઆત વચ્ચે પડેલા આ માવઠાએ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસા જેવી પરિસ્થિતિ ઊભી કરી દીધી છે. ખાસ કરીને સાંજના સમયે ધોધમાર વરસાદ વરસતા મોરબી શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. કેટલાક વિસ્તારોમાં વાહનવ્યવહાર પર પણ અસર જોવા મળી હતી. દિવસ દરમિયાન માત્ર ધીમીધારે કમોસમી વરસાદ બાદ સાંજ પછી મેઘરાજાએ ધોધમાર કમોસમી વરસાદ વરસાવ્યો હતો, જેના કારણે લોકો જાણે ફરી ચોમાસું પાછું આવ્યું હોય તેવી અનુભૂતિ કરી રહ્યા હતા. આ કમોસમી માવઠાને કારણે ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે. પાક કાપણીના તબક્કે ઉભા પાકને નુકસાન થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. ખાસ કરીને કપાસ, ચણા જેવા પાક પર વરસાદનો પ્રભાવ થઈ શકે છે.

# વાંકાનેરના પીપળીયારાજ ગામે નશામાં ચકચૂર કાર ચાલકે રિક્ષાને હડફેટે લીધી

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના પીપળીયારાજ ગામે બલેનો કાર ચાલકે પીધેલી હાલતમાં પોતાની કાર ચલાવી વાંકાનેર-મિતાણા વાળા રોડ ઉપર એક સીએનજી રિક્ષાને હડફેટે લેતા, કાર અને રીક્ષ-ામાં નુકસાની કરી હતી. અકસ્માતની જાણ તાલુકા પોલીસને કરતા, પોલીસે સ્થળ ઉપર પહોંચી નશામાં ધૂત કાર ચાલક વિરુદ્ધ પ્રોહીબિશન અને એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ગઈકાલ તા.૨૭/૧૦ના રોજ વાંકાનેર તાલુકાના પીપળીયારાજ ગામ નજીક બલેનો કાર રજી.નં. જીજે-૦૬-પીઈ-૫૬૭૨ ના ચાલક ભાવિનભાઈ હસમુખભાઈ દવે ઉવ.૪૧ રહે.અયોધ્યા ચોક રવિ-કૃષ્ણ હાઈટ્સ રાજકોટ મૂળ રહે. ધ્રોલ જોળીયા ગેઇટ પાસે જઈ.જામનગર વાળાએ નશો કરેલ હાલતમાં પોતાની કાર ફૂલ સ્પીડ અને બેદરકારીથી ચલાવી વાંકાનેર-મિતાણા રોડ ઉપર એક સીએનજી રીક્ષાને ઠોકરે ચડાવી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતને પગલે રોડ ઉપર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, ત્યારે પીપળીયારાજ ગામના સરપંચ દ્વારા પોલીસને જાણ કરતા, વાંકાનેર તાલુકા પોલીસે ઘટના સ્થળે પહોંચી ઉપરોક્ત બલેનો કાર ચાલક આરોપીની અટકાયત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ મહાનગરપાલિકા ખાતે નુતન વર્ષ સ્નેહ મિલન યોજાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા ખાતે મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને નુતન વર્ષ સ્નેહ મિલન યોજાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહ, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ સમિતિના ચેરમેનઓ, કોર્પોરેટરઓ, નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ, સમીર ધડુક તેમજ રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે મેયરએ તમામ પદાધિકારીઓ અને અધિકારીશ્રીઓને નવા વર્ષની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, નવા વર્ષમાં રાજકોટને વિકાસની ગતિમાં વધુ આગળ લઈ જવું છે તેના માટે અધિકારીઓ તરીકે આપ સૌ અને પદાધિકારીઓ-કોર્પોરેટરો તરીકે અમે સૌ એક્ટીવ છીએ. રાજકોટ મહાનગરપાલિકા એક પરિવાર છે અને આપણા પરિવારના તમામ સભ્યોને નવા વર્ષની શુભેચ્છા તેમજ પરિવારના તમામ સભ્યોનું સ્વાસ્થ્ય સારું રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના. આવનારા વર્ષમાં રાજકોટ શહેરમાં ચાલુ પ્રોજેક્ટ, નવા પ્રોજેક્ટ અને કોર્પોરેટરોની ગ્રાંટમાંથી કરવાના થતાં કામો પુરા કરી રાજકોટને સમગ્ર દેશમાં આગળ લાવવા સૌ સાથે મળી સહિયારા પ્રયત્નો કરીએ.

આ અવસરે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનએ નવા વર્ષની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, આવનારા નવા વર્ષમાં રાજકોટ શહેરને વિકાસની દિશામાં આગળ વધારવા માટે આપ સૌ પાસેથી અપેક્ષા કરીએ છીએ. આવનારા વર્ષમાં બજેટમાં સુચવેલા કામો, ચાલી રહેલા કામો, નવા વિકાસના કામો પૂર્ણ કરીએ અને રાજકોટને અવલ્લ લાવીએ. આપ સૌ અધિકારીઓની કામગીરીથી સંતુષ્ઠ છીએ અને આવનારા વર્ષમાં વધુને વધુ વિકાસના કામો કરતા રહીએ એવી અપેક્ષા કરું છું.

આ અવસરે સૌ પદાધિકારીઓ-કોર્પોરેટરોએ અધિકારીઓ-કર્મચારીઓને નવા વર્ષના પ્રારંભે મોઢું મીઠું કરીને શુભેચ્છા પાઠવી હતી.

# મારુતિ નંદન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દ્વિતીય નિશુલ્ક એજ્યુકેશન સેન્ટરનું ઉદઘાટન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ખાતે મારુતિ નંદન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં દ્વિતીય નિશુલ્ક એજ્યુકેશન સેન્ટરનું ઉદઘાટન કરાયું હતું.આ પ્રસંગે સમાજ શ્રેષ્ઠીઓ, મહેમાનો તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં ગોવિંદભાઈ પટેલ(પૂર્વ ધારાસભ્ય), હસમુખભાઈ જોબનપુત્રા, દેવશીભાઈ ટાઢાણી, વસંતભાઈ લીંબાસીયા,કૌશિકભાઈ અકબરી,મહોબતસિંહ જાડેજા સહિતની ઉપસ્થિતિમાં ટ્રસ્ટ પ્રમુખ રસિકભાઈ નકુમ દ્વારા સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ૭૦ થી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રારંભિક કીટ (નોટબુક, સ્ટેશનરી વગેરે)નું વિતરણ દાતા ભગીરથભાઈ ભૂત દ્વારા કરાયું હતું. તેમજ ટ્રસ્ટને જીવનદીપ એજ્યુકેશન પ્રોજેક્ટ માટે યોગેશભાઈ ઠક્કર (મુંબઈ)દ્વારા રૂ. ૫૦ હજારનું દાન પ્રાપ્ત થયું હતુ.

પ્રમુખ રસિકભાઈએ જણાવ્યું કે, ‘‘જીવનદીપ પ્રોજેક્ટનો હેતુ રાજકોટ શહેરના કોઈ પણ બાળકને શિક્ષણથી વંચિત ન રહેવા દેવાનો છે. આ દ્વિતીય સેન્ટર શરૂ થવાથી પ્રોજેક્ટને વધુ વિસ્તરણ મળ્યું છે, અને આગામી સમયમાં શહેરના વિવિધ વિસ્તારોમાં આવા અનેક સેન્ટરો શરૂ કરવાની યોજના છે.’’ ટ્રસ્ટ તરફથી તમામ મહેમાનો, દાતાઓ તેમજ વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સેવાભાવી લોકો જો સેવા આપવા માંગતા હોય અથવા સંસ્થાનાં પ્રોજેક્ટ સાથે જોડાવા ઈચ્છતા હોય તો મો. ૯૭૩૭૦૦૭૬૫૫ પર કરી શકે છે.

# હેલ્પલાઈન નંબર ૧૯૩૦, ૧૧૨, ૧૦૯૮, ૧૮૧ની આકર્ષક રંગોળી બનાવી જાગૃતિ સંદેશો આપતી ૧૮૧ અભયમ ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળીના પ્રકાશ પર્વ નિમિત્તે નાગરિકો પણ સરકારશ્રીની વિવિધ હેલ્પલાઈન અંગે જાગૃત બંને તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. દિવાળીના પર્વ પર રંગોળી કરીને લોકો પોતાના ઘર આંગણાને રંગમય બનાવે છે. ત્યારે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમની મહિલાઓએ રેસકોર્સ સ્થિત મહિલા પોલીસ સ્ટેશન ખાતે રંગોળીના માધ્યમથી લોકોને જાગૃતિ સંદેશ પાઠવ્યો હતો.



કેસરી, સફેદ, લીલો, કાળો, બ્લુ, લાલ સહિતના રંગોનો ઉપયોગ કરીને બહેનોએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન, ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન, ૧૧૨ જન રક્ષક હેલ્પલાઈન સહિત મહિલા પોલીસ સ્ટેશન વિશેની આકર્ષક રંગોળી બનાવી મહિલાઓની સુરક્ષા અને સલામતીનો શુભ સંદેશો પાઠવી દિવાળી પર્વ અને નૂતન વર્ષની મંગલ કામનાઓ કરી હતી.

# સૌરાષ્ટ્ર-કચ્છ હિસાબી કેડરના અધિકારી-કર્મચારીઓનો રમતોત્સવ ૩૧મી ઓક્ટોબરે રાજકોટમાં યોજાશે

## ભાઈઓ માટે ક્રિકેટ ટૂર્નામેન્ટ, બહેનો માટે વિવિધ રમત-ગમતનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ હિસાબી કેડરમાં ૧૨ જિલ્લાઓમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓનો રમતોત્સવ ૩૧મી ઓક્ટોબરે રાજકોટ ખાતે યોજાશે. જેમાં ભાઈઓ માટે ક્રિકેટ ટૂર્નામેન્ટ જ્યારે બહેનો માટે સંગીત ખુરશી, રસ્સા ખેંચ, લીંબુ ચમચીની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩૧મીએ સવારે ૮થી સાંજે ૬ દરમિયાન, કોસ્મિક વિદ્યાસંકુલ મેદાન, ગ્રીન ફિલ્ડ ગ્રાઉન્ડ, જામનગર રોડ ખાતે રમતોની રસાકસી જામશે. ભાઈઓની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આઠ ટીમો જ્યારે વિવિધ રમતોમાં ૪૦થી વધુ બહેનો ભાગ લઈને કૌવત ઝળકાવશે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા હેતલબેન ચેતા તેમજ ભટ્ટીભાઈ વગેરે જહેમત ઉઠાવી રહ્યા હોવાનું રાજકોટ ઝોનના વિભાગીય નાયબ નિયામક આર.જે. માંડલીયાની યાદીમાં જણાવાયું છે.

# ઉનાના જૂની વાજડી ગામે બરોડા રેલવે પીઆઇની કાર પાણીમાં તણાઈ: પત્ની-પુત્રનો આબાદ બચાવ

## ગ્રામજનોએ એકઠા થઇ બે ટ્રેક્ટરની મદદથી કારને બહાર કાઢી

**મુખ્ય સમાચાર, ઉના**

ઉના તાલુકાના જૂની વાજડી ગામે બરોડા રેલ્વેના પી.આઈ. એમ.આર. નકુમની કાર પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ હતી. આ ઘટનામાં પી.આઈ. નકુમ, તેમની પત્ની અને પુત્રનો આબાદ બચાવ થયો હતો. તેઓ તેમના મામાના ઘરે આવ્યા હતા. આ ઘટના જૂની વાજડી ગામ નજીક છેલુ નહેરમાં બની હતી, જ્યાં અચાનક પાણીનો પ્રવાહ ધસમસતો આવ્યો હતો. કાર પાણીમાં તણાતા તેનો એક દરવાજો લોક થઈ ગયો હતો.



જોકે, પાછળ બેઠેલા પુત્રએ પાછળનો દરવાજો લોક થાય તે પહેલાં ખોલી નાખ્યો હતો. આ અંગેની જાણ ગ્રામજનોને થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે એકઠા થયા હતા. ગ્રામજનોએ બે ટ્રેક્ટરની મદદથી કારને પાણીમાંથી બહાર કાઢી હતી. આ સમયસરની મદદને કારણે કારમાં સવાર પી.આઈ., તેમની પત્ની અને પુત્રનો જીવ બચી ગયો હતો. ઉના સહિત સમગ્ર વિસ્તારમાં વ્યાપક વરસાદને કારણે ઠેર ઠેર પાણીનો પ્રવાહ વધી રહ્યો છે અને હજુ પણ વરસાદ વરસી રહ્યો છે.

# જામનગરમાં વેપારી સાથે રૂા. ૧.૪૪ કરોડની છેતરપિંડી પ્રયાસના ગુનામાં વધુ ૨ શખસ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના વેપારી પાસેથી નાણાં પડાવતા તથા સાયબરના ગુનાઓ આચરવા બેંકના ખાતા ભાડે આપી, મની લોન્ડરીંગ તેમજ ઈ.ડી.ના કેસમાં ફસાવવાની ધમકી આપવાના ગુનામાં સિન્ડિકેટ ગેંગના વધુ બે શખસોને ઝડપી લેતા ધરપકડનો આંક ત્રણ થયો છે.શહેરના રણજીતસાગર રોડ, ઈવા પાર્ક-૧માં રહેતા ચેતનભાઈ કરશનભાઈ કપુરીયા (ઉ.વ.૪૧) નામના વેપારીનું પ્રગતિ એન્ટરપ્રાઈઝ નામની પેઢીનું એક્સીસ બેન્ક એકાઉન્ટ જે મહારાષ્ટ્ર સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા એન.સી.સી.આર.પી. અરજીના કામે ફ્રીઝ થયેલ હોય, તેમાં વેપારીના ધંધાકિય લેવડ-દેવડના આશરે



રુ.૧,૪૪,૦૦,૦૦૦ જમા હોય તે બાબતેની આરોપીએ વિગતો મેળવીને વર્ચ્યુઅલ નંબર પરથી ફોન કરી પોતાનુ નામ દર્શીત કિશોરભાઈ કાગદડા જણાવ્યું હતું. વેપારીની પ્રગતિ એન્ટરપ્રાઈઝ નામની પેઢીનું એકાઉન્ટ અનફ્રીઝ કરાવવાની લાલચ આપી અલગ-અલગ વ્યક્તિઓ સાથેના સંબંધની ખોટી ઓળખો આપી અવાર-નવાર વ્હોટએપમાં વાત કરી વેપારી સાથે છેતરપિંડી કરવાનો પ્રયાસ કર્યો હતો.વેપારી આરોપીની વાતમાં ન આવતા તેમની પાસેથી નાણા પડાવવા તેઓને મની લોન્ડરીંગ તેમજ ઈ.ડી.ના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. જે અંગેની ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.એ.ધાસુરાએ ટીમ સાથે તપાસ હાથ ધરીને બે દિવસ પહેલા આરોપી દર્શીત કાગદડાને ઝડપીને ૫ દિવસના રીમાન્ડ પર લીધો છે. આ દરમ્યાન આ ગુનામાં અમદાવાદના દુર્ગેશ દેવેન્દ્રકુમાર પુરસોતમભાઈ પંડ્યા અને યોગેશ શાંતીલાલ જીવરામભાઈ જોશીને ઝડપી લઈને રીમાન્ડ માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ટંકારાના સાવડી ગામ નજીક દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારાના સાવડી ગામથી ઓટાળા ગામ તરફ જવાના રસ્તે નદીના કાંઠે બાવળની ઝાડીઓમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઉપર ટંકારા પોલીસ ટીમ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન સ્થળ ઉપરથી ૫૦ લીટર દેશી દારૂ, ગેસના ચૂલા તથા ભઠ્ઠીના સાધનો સહિત ૧૧,૪૦૦/-નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો, રેઈડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી પોલીસે આગળની તપાસ શરૂ કરી છે.ટંકારા પોલીસ ટીમને સોશ્યલ મીડિયામાં દેશી દારૂની ભઠ્ઠીનો વાયરલ થયેલ વિડીઓને આધારે તપાસ કરતા, ઉપરોક્ત વિડીઓ સાવડી ગામ નજીકનો હોવાનું અને દેશી દારૂની ભઠ્ઠી આરોપી રવીરાજસિંહ રહે.દેડકદડ તા.ધ્રોલ વાળા ચલાવતા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું, જેથી ટંકારા પોલીસે તુરંત સાવડી ગામથી ઓટાળા ગામ જવાના રસ્તે નદીના કાંઠે રેઈડ કરતા જ્યાં બાવળની ઝાડીઓમાંથી ૫૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧૦ હજાર તથા દેશી દારૂની ભઠ્ઠીમાં ઉપયોગમાં લેવાતા સાધન સામગ્રી સહિત ૧૧,૪૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો, રેઈડ દરમિયાન આરોપી રવીરાજસિંહ વિક્રમસિંહ જાડેજા રહે.દેડકદડ તા.ધ્રોલ જી.જામનગર વાળા હાજર નહિ મળી આવતા પોલીસે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# ગોંડલના સુલતાનપુરમાં સોડા આપવા બાબતે દુકાનદાર પર શખ્સનો હુમલો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલના સુલતાનપુર ગામે ભાજપ અગ્રણી પોતાની દુકાને વેપાર કરતાં હતાં ત્યારે સોડા લેવા આવેલા શખ્સે સોડા દેવામાં થોડુ મોડુ થતા ઉશ્કેરાઈ જઈ ઝપાઝપી કરી વેપારી ને શરીરે મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગેની સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગતો મુજબ સુલતાનપુર ગામે આવેલ પેગવીન આઈસ્ક્રીમની દુકાન ચલાવતા અતુલભાઈ ગોંડલીયાએ પોલીસ ફરિયાદ માં જણાવ્યું કે ગત તા ૨૬/૧૦/૨૦૨૫ના હુ મારા રોજના સમય મુજબ મારી દુકાને વેપાર કરતો હતો. ત્યારે સાંજના આશરે સાડા આઠેક વાગ્યે અમારા ગામનો નીખીલ બટુકભાઈ દેવાચાર્ય તેના દીકરી સાથે અમારી દુકાને કોઇ વસ્તુ લેવા આવેલ હતો અને ત્યારે હુ મારા ગામના ભરતભાઈના દીકરા ભાલા સાથે વસ્તુની લેતી દેતી કરતો હતો ત્યારે આ નીખીલે મને કહેલ કે, ઉતાવળ કર ભાઈ મારે મોડુ થાઈ છે જેથી મે નીખીલને કહેલ કે, ભાઈ થોડી રાહ જોવો હુ પૈસા ગણી લઉં એટલે નીખીલે મને કહેલ કે, મારે સોડા જોઈ છે અને મારી નાની દીકરી સાથે છે, જેથી હું તેની સોડા લેવા ગયેલ એટલામાં આ નીખીલ કહેલ કે મારે રાહ નો જોવાની હોઈ તેમ કહી અચાનક ઉશ્કેરાઈ ગયેલ અને મને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલ અને હું તેને સમજાવવા જતા નીખીલે મારી સાથે ઝપાઝપી કરવા લાગેલ અને મને ગળાના ભાગે તેમ જ હાથના ભાગે તેમજ પીઢના ભાગે ઢીકા પાટુનો માર મારવા લાગેલ જેથી હું તેનાથી બચવા રાડો પાડવા લાગેલ એટલે અમારા ગામનો નરેદ્રભાઈ બોઘાણી વચ્ચે પડેલ અને મને તેનાથી છોડાવેલ ત્યારે નીખીલે કહેલ કે, બહાર આવે એટલે તને જાનથી મારી નાખવો છે તેમ કહી તે ચાલ્યો ગયો હતો. બનાવ અંગે અતુલભાઈ એ સુલતાનપુર પોલીસ સ્ટેશનમા ફરિયાદ આપતાં પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરબીના પીપળીયા ચાર રસ્તા નજીક કાર હડફેટે સગીર બાઈક ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-નવલખી રોડ ઉપર પીપળીયા ચાર રસ્તા નજીક આઈ-૨૦ કાર ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સામેથી આવતા બાઈકને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, અકસ્માતમાં બાઈક ચાલક સગીરને માથામાં અને શરીરે ગંભીર ઇજાઓ પહોચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

મોરબી તાલુકાના પીપળીયા ચાર રસ્તા પાસે જીઈબી સામે મોરબી-નવલખી રોડ ઉપર માર્ગ અકસ્માતની ઘટનામાં બાઈક ચાલક ૧૭ વર્ષીય સગીરનું મૃત્યુ નિપજ્યા હોવાનું સામે આવ્યું છે, ગત તા.૧૯/૧૦ ના રોજ રાત્રીના સમયે મોરબીના વીસીપરા શિડફાર્મની વાડી પાસે રહેતા ઈરફાનભાઈ ફારૂકભાઈ ઈસ્માઈલભાઈ સામતાણી ઉવ.૧૭ હીરો હોન્ડા સ્પ્લેન્ડર રજી.નં.જીજે-૧૨-એએચ-૪૮૪૨ લઈને જતો હોય ત્યારે પીપળીયા ચાર રસ્તા પાસે સામેથી આઈ-૨૦ કાર રજી.નં. જીજે-૦૧-કેક્યુ-૧૦૧૭ના ચાલકે પોતાની કાર બેદરકારીથી ચલાવી આવી ઈરફાનભાઈના બાઈકને જોરદાર ટક્કર મારી હતી, જે અકસ્માતમાં ઈરફાનભાઈને માથામાં તથા છાતીના ભાગે ઈજાઓ પહોચતા બાઈક ચાલક સગીરનું સ્થળ ઉપર મૃત્યુ નિલજ્યું હતું. અકસ્માત અંગે મૃતકના પિતાએ તાલુકા પોલીસ મથકે આરોપી કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાયલાના જસાપર ગામે ભાઈબીજના દિવસે જ ભાઈનું તળાવમાં ડૂબી જતા મોત



**મુખ્ય સમાચાર, વઢવાણ**

સાયલા તાલુકાના જસાપર ગામ નજીક ભાઈબીજના દિવસે એવી હૃદયદ્રાવક ઘટના બની કે સમગ્ર ગામ શોકમય બની ગયું. ભાઈબીજના પાવન દિવસે, જ્યાં બહેનો પોતાના ભાઈઓને તિલક કરીને દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરતી હોય છે, ત્યાં જ જસાપર ગામની બહેનો પોતાનો એકમાત્ર ભાઈ ગુમાવી બેઠી હતી. આ અંગેની મળતી માહિતી મુજબ, ગુરુવારે બપોરે ગામના ગોપાલભાઈ સભાડ ગાયોને ચરાવવા માટે જસાપર પાસે આવેલા જૂના ટાંકીના તળાવ પાસે ગયો હતો. પાણી ઊંડું હોવાથી તે બહાર આવી શક્યો ન હતો. ઘરે જ્યારે લાંબા સમય સુધી બાળક પાછો ન ફર્યો ત્યારે પરિવારજનો ચિંતા સાથે શોધખોળ માટે નીકળ્યા. તાત્કાલિક શોધખોળ બાદ બાળકનું નિર્જીવ શરીર તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યું, પ્રાથમિક તપાસમાં આ દુર્ઘટના થયાની માહિતી મળી છે. કિશોરના મોતના સમાચાર જેમ ગામમાં પહોંચ્યા, તેમ આખા ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. ખાસ કરીને ભાઈબીજનો પવિત્ર દિવસ હોવાને કારણે આ ઘટના દરેકના હૃદયને ઝંઝોળી ગઈ હતી.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં ’સતર્કતા જાગૃતિ સપ્તાહ’નો શુભારંભ



## સત્યનિષ્ઠાના શપથ સાથે અભિયાનની શરૂઆત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં તારીખ ૨૭ ઓક્ટોબરથી ૨ નવેમ્બર, ૨૦૨૫ સુધી ’સતર્કતા જાગૃતિ સપ્તાહ’ મનાવવામાં આવી રહ્યો છે. આ વર્ષે આ અભિયાનનો વિષય છે ‘‘સતર્કતા આપણી સહિયારી જવાબદારી’’. તેનો ઉદ્દેશ વહીવટી પ્રણાલી અને પ્રક્રિયાઓમાં સુધારો લાવીને ભ્રષ્ટાચારનું નિવારણ, પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહિત કરવાનો છે.

કાર્યક્રમના શુભારંભ પ્રસંગે રાજકોટના ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સત્યનિષ્ઠાના શપથ લેવડાવ્યા. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું કે, પ્રત્યેક કર્મચારીએ પોતાના કાર્યમાં પારદર્શિતા જાળવીને સમયબદ્ધતા અને નિષ્ઠા સાથે પોતાના દાયિત્વોનું નિર્વહન કરવું જોઈએ. આ અવસરે અપર ડિવિઝનલ રેલ પ્રબંધક કૌશલ કુમાર ચૌબે, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીના, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી અમૃત સોલંકી, અન્ય શાખા અધિકારીગણ, રેલવે કર્મચારીઓ તથા ટ્રેડ યુનિયન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પણ શપથ ગ્રહણ કર્યા હતા.

# મોરબીના રવાપર-ધુનડા રોડ ઉપર સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવેલ કાર પાણીમાં ઉતરી, કાર ચાલક સલામત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રવાપર ધુનડા રોડ પર સરસ્વતી ફાર્મની બાજુમાં XUV 700 કાર સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા પાણીમાં ઉતરી ગઈ હતી. કાર ચાલક જાતે દરવાજો ખોલીને સલામત બહાર નીકળી ગયા હતા, જ્યારે ફાયર તથા ૧૧૨ ટીમ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે.



મોરબી શહેરના રવાપર ધુનડા રોડ ઉપર આવેલ સરસ્વતી ફાર્મની નજીક એક અકસ્માતની ઘટના બની હતી. કાર માલિક દીક્ષિત પટેલ તેમની XUV 700 ફોરવ્હીલ રજી. નં. જીજે-૧૮-બીઆર-૨૩૪૫ લઈને જઈ રહ્યા હતા ત્યારે સ્ટીયરિંગ પર કાબૂ ગુમાવતાં કાર રોડની સાઈડ પર જઈને પાણીમાં ઉતરી ગઈ હતી. ઘટના સમયે દીક્ષિત પટેલે સમય સુચકતા વાપરી તરત જ જાતે કારનો દરવાજો ખોલીને બહાર નીકળી જતાં કોઈ જાનહાની થઈ નહોતી. ઘટના અંગેની જાણ થતાં ફાયર બ્રિગેડ ટીમ તેમજ ૧૧૨ ઈમર્જન્સી સર્વિસ ટીમ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી હતી. બંને ટીમોએ માલિક સાથે વાતચીત કરી અને વાહનને પાણીમાંથી બહાર કાઢવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગર શહેર અને જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં હવામાન વિભાગની આગાહી મુજબ વરસાદ વરસ્યો છે. બપોર બાદ અચાનક ભારે પવન સાથે કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો, જેના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.વાદળિયું વાતાવરણ છવાયેલું હતું. બપોર પછી વરસાદ શરૂ થયો અને એક કલાકમાં કાલાવડમાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. હાલ પણ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ ચાલુ છે. વરસાદી પાણી શહેરના મુખ્યમાર્ગો પર ફરી વળ્યા હતા, જેના કારણે વેપારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. જોકે, વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.જામનગર શહેર ઉપરાંત જામજોધપુર, લાલપુર અને કાલાવડ સહિતના તાલુકાઓમાં પણ કમોસમી માવઠું થયું છે. ખેડૂતોએ પોતાનો પાક ખેતરમાં એકઠો કરી ભેગો કર્યો છે, ત્યારે આ કમોસમી વરસાદથી તેમના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે તેમની ચિંતા સતત વધી રહી છે.

# અકસ્માત કેસમાં મૃતકના વારસદારોને ૨૯.૦૪ લાખનું વળતર ચૂકવવા એસટી નિગમને આદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લીંબડીમાં રહેતા અને સીરામીકમાં નોકરી કરતા બાઈક ચાલકના અકસ્માત મૃત્યુ કેસમાં કોર્ટ દ્વારા મૃતકના વારસદારોને રૂ.૨૯,૦૪,૧૨૦ દાખલ તારીખથી ૯ ટકા વ્યાજ તથા ખર્ચ સાથે ચુકવી આપવા એસ.ટી નીગમને હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ લીંબડીમાં રહેતા અને વીટાશીવ સીરામીકમાં રોજમદાર તરીકે કામ કરી પરીવારનું ગુજરાન ચલાવતા સુનીલભાઈ ઘનશ્યામભાઈ કડીવાળ તા.૧૭/૧૦/૨૦૨૩ ના રોજ બાઈક પર જઈ રહયા હતા અને તેમાં રહેલ એક લોખંડનું એંગલ સાઈડમાં પાર્ક કરેલ મોટરમાં અડી જતા પડી ગયા હતા. તે દરમિયાન પાછળથી આવતી એસ.ટી બસના પાછળના જોટામાં આવી જતા મોત નીપજયયું હતું. મૃતકોના વારસદારો દ્વારા પોતાના એડવોકેટ મારફત રાજકોટ ટ્રબ્યુનલમાં વળતર અંગેનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે કેસ ચાલી જતાં બંને પક્ષની રજુઆત બાદ એમ.એ.સી.ટી. ટ્રીબ્યુનલ દ્વારા એસ.ટી. નિગમે મૃતકના વારસદારોને રૂ.૨૯,૦૪,૧૨૦ દાખલ તારીખથી ૯ ટકા વ્યાજ તથા ખર્ચ ચુકવી આપવા હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં અરજદાર વતી રાજકોટના યુવા એડવોકેટ મૌલિક એ. જોષી એને મેઘરાજસિંહ ચુડાસમા રોકાયા હતાં.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કાળીપાટ ગામે અનુ. જાતી સામુ. ખેતી સહકારી મંડળીના જમીન કૌભાંડમાં તટસ્થ તપાસની માંગ



## બોગસ વસીયતનામાના આધારે અન્ય ખાતેદારોના નામે સરકારી બાબુઓએ જમીન કર્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ ભાવનગર રોડ પર કાળીપાટ ગામની સીમમાં રાજકોટ તાલુકા અનુસુચીત જાતી સામુદાયીક ખેતી સહકારી મંડળીને સરકાર દ્વારા અગાઉ અનુ. જાતી સમાજના ગરીબ લોકોને જીવન નિરવાહ ચલાવવા માટે મંડળીને ૧૫૩ એકર જગ્યા ફાળવવામાં આવી હોય આ જમીનમાં સરકારી બાબુઓની મીલીભગતથી કૌભાંડકારોએ કૌભાંડ આચરી નકલી વીલના આધારે જમીન હડપ કરી ગયાની મંડળીના પ્રમુખે અગાઉ પ્ર.નગર પોલીસમાં લેખીતમાં ફરીયાદ આપ્યા બાદ આજે રાજકોટ જિલ્લા કલેકટરને લેખીતમાં રજૂઆત કરી ક્રાઇમ બ્રાન્ચ કે ઉચ્ચ એજન્સી દ્વારા તપાસ કરાવવાની માંગ કરવામાં આવી છે.

આ અંગે રાજકોટ તાલુકા અનુ. જાતી સામુદાયીક ખેતી સહકારી મંડળીના નવા પ્રમુખ શૈલેષભાઇ મનસુખભાઇ પરમાર, સભ્યો ઉદયભાઇ રાઠોડ, કનુભાઇ મકવાણા, મનોજભાઇ ખુમાણ, રામજીભાઇ રાઠોડ, પ્રવિણભાઇ રાઠોડ અને લલીતભાઇ બગડા સહિતના લોકોએ આજે રાજકોટ જિલ્લા કલેકટરને લેખીતમાં આવેદન પત્ર પાઠવી તટસ્થ તપાસની માંગ સાથે જણાવ્યું છે કે, શહેરની ભાગોળે કાળીપાટ ગામની સીમમાં સરકારે મંડળીને ૧૫૩ એકર જગ્યા ફાળવેલ હોય જે જમીનમાં હાલ ભૂમાફિયાઓનો કબ્જો હોય. જેથી લેખીતમાં જણાવવામાં આવ્યું છે કે, અમો અનુસુચીત જાતીના વ્યકિત હોય ગામડાઓમાં અમારી સાથે થતી ભેદભાવની નીતીમાંથી અમો સ્વમાન સાથે જીવી શકીએ તેવા સારા હેતુથી સરકારે રાજકોટ તાલુકા અનુ. જાતી સામુદાયીક ખેતી સહકારી મંડળી દ્વારા કાળીપાટ ગામની સીમમાં અમોને ખેતી માટેની જમીન આપેલી છે. જે જમીનમાં અમુક માથાભારે લોકો અમારી ખેતીની જગ્યા ઉપર જવા ન દેતા હોય. હથીયારો-લાકડીઓ દ્વારા હુમલો થવાની અમોને દહેસત હોય જેથી પોલીસ રક્ષણ સાથે અમોને અમારી જમીનનો કબ્જો અપાવવા વિનંતી કરવામાં આવી છે. તેમજ કાળીપાટના સર્વે નં.૧૭૩ પૈકીમાં સરકાર દ્વારા અમોને આપવામાં આવેલી જમીન આધાર પુરાવા વિના પૂર્વ ડેપ્યુટી કલેકટર અજીતસિંહ ઝાલા દ્વારા ૨૦૦૮ પહેલા સ્વ. જામભા પ્રતાપસંગ જાડેજાના વારસદારોએ ખોટું વસીયત નામુ બનાવી અમારી આ જમીન અન્ય લોકોને વહેંચી નાખેલ છે. જે બાબતે અગાઉ પ્ર.નગર પોલીસમાં લેખીતમાં ફરીયાદ કરવામાં આવી છે. પરંતુ આજદીન સુધી કોઇ ન્યાયીક કાર્યવાહી કરવામાં આવી ન હોય જેથી ક્રાઇમ બ્રાંચ કે ઉચ્ચ એજન્સી દ્વારા આ જમીન કૌભાંડની તપાસ કરાવવા અને અનુ. જાતી સમાજના લોકોને ન્યાય અપાવવા રજૂઆત કરવામાં આવી છે.



રાજકોટ તાલુકા અનુ. જાતિ સમુદાયીક ખેતી સહકારી મંડળી લી.ની અંદાજે ૧૫૩ એકર જમીન અંગે ગેરરીતી કર્યાનો આક્ષેપ

મંડળીના પ્રમુખએ પૂર્વ રાજકોટ પ્રાંત-૨ અધિકારી, મામલતદાર, અનુ. જાતિ મંડળીના પૂર્વ પ્રમુખ અને કાળીપાટ ગામે કબ્જો જમાવનાર શખ્સો વિરૂધ્ધ લેખીતમાં ફરીયાદ કરી

મુખ્ય સમાચાર, રાજકોટ

---

# મકાનમાંથી રિનોવેશન કરવાના સામાનની તસ્કરી કરનાર દંપતીની ધરપકડ

### ૪૪ હજારનો મુદ્દામાલ જપ્ત; બે મહિલા સહિત ત્રણની પૂછપરછ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા દિવાળીનાં તહેવારોમા ચોરીની અનેક ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ હતી. આ ઘટનાઓમાથી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલી પ્રકાશ સોસાયટીમા આવેલા ગોકુલ મકાનમાથી ઈલેકિટ્રીક વાયર, દરવાજાનાં હેન્ડલ, દરવાજાનાં લોક અને બાથરુમની એસેસરીઝ સહિત રૂ. ૧.૬૦ લાખનો મુદામાલ કોઈ અજાણ્યો તસ્કર ચોરી કરી ગયાની ફરીયાદ તા. ૨૩ નાં રોજ ગાંધીગ્રામ પોલીસ મથકમા નોંધાઈ હતી.

આ ઘટનામા ગાંધીગ્રામ પોલીસ મથકનાં પીએસઆઈ એમ. વી. જાડેજા, વી. ડી. રાવલીયાની રાહબ-રીમા હેડ કોન્સ રવભાઈ ગઢવી, રોહીતદાન ગઢવી અને શબીરખાન મલેક સહીતનાં સ્ટાફે બાતમીને આધારે ચુનારાવાડ ચોક પાસે કુબલીયાપરા શેરી નં ૫ મા રહેતા વીજય રાયધન સોલંકી અને તેમની પત્ની લક્ષ્મી વિજયભાઈ સોલંકી તેમજ તેની સાથે રહેલી અન્ય એક મહિલા ભારતીબેન ધર્મેશભાઈ સોલંકીની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી પ્લમ્બીંગનો સામાન, કોપર વાયર સહીત ૪૪ હજારનો મુદામાલ જપ્ત કરવામા આવ્યો હતો. ચોરીમાં ઝડપાયેલા વિજય સામે અગાઉ મારામારી અને અકસ્માત તેમજ તેની પત્ની લક્ષ્મી સામે ઘરફોડ ચોરી સહીત ૪ ગુના અને ભારતી વિરુધ્ધ એક ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયેલો છે.

---

# રાજકોટમાં નિંદ્રાધીન પિતા-પુત્રને મધરાતે સાપે ડંખ માર્યા

### શ્રમિક પિતા-પુત્રને ઝેરી અસર થતાં સારવારમાં ખસેડાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**


શહેરમાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં શિતળાધાર પચ્ચીસવારીયામાં પિતા-પુત્ર મધરાત્રે સુતા હતા ત્યારે સાપે ડંખ માર્યો હતો. પિતા-પુત્રને ઝેરી અસર થતાં સારવ-ાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલ શિતળાધાર પચ્ચીસવારીયામાં રહેતાં અશોકભાઈ દાયભાઈ મહંતો (ઉ.૩૦) અને તેનો ૧૩ વર્ષનો પુત્ર વિશાલ મહંતો રાત્રીનાં એકાદ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતાં ત્યારે સાપે ડંખ માર્યો હતો. પિતા પુત્રને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. પ્રાથમિક પુછપરછમાં હોસ્પિટલના બીછાને સારવાર લઈ રહેલા પિતા-પુત્ર મુળ બિહારના વતની છે. રાત્રીના સમયે વિશાલ મહંતોને કાળોતરો કરડી જતાં ઉઠીને પિતાને જાણ કરી હતી તે દરમિયાન પિતા અશોકભાઈ મહંતોને પણ સાપે ડંખ માર્યો હતો અને નાગ હજુ પણ શ્રમિક પરિવારના ઘરમાં હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

---

# ગૃહકલેશથી પરિવારનો માળો પિંખાયો: પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

### પતિ સાથે ઝઘડો થતા પત્નીએ આત્મઘાતી પગલું ભર્યું; પરિવારમાં કલ્પાંત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં આસ્ટીઓ પાછળ મચ્છાનગર મફતીયાપરામા રહેતા કીરણબેન અનીલભાઈ ડાભી નામનાં ૨૪ વર્ષનાં પરણીતાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેમને ઈએમટીનાં ભાવેશભાઈએ જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા તેમનાં લગ્નને દોઢ વર્ષ થયું છે અને આ અંગે બી ડીવીઝન પોલીસ મથક નાં પીએસઆઈ ડી. બી. ગાધે અને સ્ટાફે તપાસ શરુ કરી હતી. તેમનાં પતિ સબંધીમા સગાઈ પ્રસંગમા બહાર ગામ ગયા ત્યારે બંને વચ્ચે ઝઘડો થયો હતો ત્યારબાદ કીરણબેને આ પગલુ ભરી લીધુ હતુ.

જયારે બીજી ઘટનામાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલી સાંઇધામ સોસાયટીમાં રહેતા સંધ્યાબેન પ્રદીપભાઈ જાદવ નામનાં ૫૧ વર્ષનાં મહીલા પોતાનાં ઘરે બાથરુમમા પડી જતા તેમને સારવાર માટે સિવીલ હોસ્પીટલમા ખસેડાયા હતા જયા તેમનુ સારવાર બાદ મૃત્યુ નીપજયુ હતુ. તેઓ હાલ જમાઈ અને દીકરી સાથે રહેતા હતા

આ ઘટના અંગે સંધ્યાબેનના મૃત્યુનું સાચુ કારણ જાણવા માટે પોલીસે તેમના માવતર પક્ષનું નિવેદન લેવા તજવીજ શરૂ કરી છે.

---

# નામાંકિત કંપનીનો ડુપ્લીકેટ માલ વેંચવાના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

### ગુંદાવાડીમાં ચાર દુકાનો માંથી મળ્યો હતો ડુપ્લીકેટ માલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુંદાવાડીમાંથી હિન્દુસ્તાન લીવરની જુદી જુદી પ્રોડક્ટ જેવી કે ફેર એન્ડ લવલી, લક્સ વિગેરેનો ડુપ્લીકેટ માલ મળી આવતા ચાર વેપારીઓ સામે ભક્તિનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો જે કેસમાં અદાલતે ચારેય વેપારીને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

આ કેસની હકિકત મુજબ, સાતેક વર્ષ પહેલા બેંગ્લોરમાં રહેતા નયનત્રા ડેવીડ ડેમી કે જે પોતે હિન્દુસ્તાન યુનિલીવરમાં કાનુની સલાહકાર તરીકે નોકરી કરતા હતા ત્યારે ચેકીંગ અર્થે રાજકોટમાં આવેલ ગુંદાવાડીમાં કોસ્મેટીકની દુકાનોમાં હિન્દુસ્તાન લીવરની આઈટમોની ખરીદી કરેલ હતી જે મુંબઈ લેબમાં મોકલતા તે આઈટમો ડુપ્લીકેટ માલુમ પડતા ગુંદાવાડી-ઉમાં આવેલ ખોડીયાર ઈમીટેશન, મોસ્મી બેંગલ્સ, જલારામ ક્રિયેશન, કિર્તી બેંગલ્સ નામની દુકાનમાંથી લેકમે, ફેર એન્ડ લવલી, લકક્સની સાબુ, પાઉડર, કોમ્પેકટ વિગેરે આઈટમો મુંબઈ લેવામાં ડુપ્લીકેટ હોવાનું સુનીલ દિપસિહ રાજપુરોહિત, લલીત મોદી, અમરસિહ ભવરસિહ રાજપુરોહિત, પ્રવિણસિહ થાનસિહ રાજપુરોહિત સામે ભકિતનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.



દિલીપ પટેલ કલ્પેશ નસીત

આ કેસ ચાલવા પર આવતા કોર્ટે જુદા જુદા પુરાવાનું મૂલ્યાંકન કરેલ અને ફરીયાદીએ મુદામાલ ડુપ્લીકેટ હોવાની કોઈ પૂરાવા રજુ કરેલ નથી. આરોપીની માલીકીની દુકાન અંગે દસ્તાવેજી પુરાવા લીધેલ નથી અને ડુપ્લીકેટ કયા આધારે જણાવેલ તે પુરવાર કરી શકેલ નથી. કહેવાતો મુદામાલ આરોપીની દુકાનમાંથી કબજે કરેલ છે તેવા કોઈ બીલ ફરીયાદીએ રજુ કરેલ નથી.

ઓરીજીનલ પ્રોડકટ સાથે વેરીફાઈ કરેલ નથી તેમજ સર્વોચ્ચ અદાલતના સીધ્ધાંતોને ધ્યાને રાખતા આરોપીને તકસીરવાન ઠરાવતા પહેલા સચોટ, ઠોસ સબળ પુરાવા જોઈએ પરંતું સાહેદની જુબાનીને સમર્થન મળેલ નથી. ભવિષ્યમાં કોઈ લેખીત કે મૌખીક પુરાવો રજુ થઈ શકે તેમ નથી. તે તમામ હકિકત ધ્યાને લઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કરેલ હતો. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ દીલીપ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી તથા આસીસ્ટન્ટ તરીકે ઈશા કણઝારીયા તથા એડવોકેટ એચ.એમ.ડાભી રોકાયેલ હતા.

---

# ટેલીગ્રામમાં ઘર બેઠા જોબ કરવાની જાહેરાત જોઈ રોકાણ કરતા મહિલાએ રૂા.૬.૬૦ લાખ ગુમાવ્યા

### બે કલાકમાં ઉચ્ચ વળતરની લાલચ અપાઈ પહેલા ૧૯ હજારના ૨૦ હજાર મળ્યા બાદ વધુ જમા કરાવેલા પૈસા પરત આવ્યા જ નહીં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટેલીગ્રામમાં ઘર બેઠા જોબ કરવાની જાહેરાત જોઈને ગૃહિણીએ પ્રથમ ૧૯ હજારના રોકાણનું વળતર મળતા ધીમે ધીમે કુલ ૬.૬૦ લાખનું રોકાણ કર્યું પણ પૈસા પરત ન આવતા આખરે તેણીએ સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધી હતી.

મળતી માહિતી મુજબ, મવડી નવલ નગર શેરી નંબર આઠમાં રહેતા આશાબેન મનસુખભાઈ હરીપરાએ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તારીખ ૨૫/૬/૨૦૨૫ ના તે કરે હાજર હોય ત્યારે તેના તેના ટેલિગ્રામ ટેલિગ્રામ પર વીસમ-ાયાર૨૫ નામથી એક અજાણી વ્યક્તિનું મેસેજ આવ્યો હતો અને ઘરે બેઠા જોબ કરીને રૂપિયા કમાવવાની ઓફર આપી હતી. આ ઓફરમાં આવી જતા આશાબેને તે અંગે વધુ માહિતી મેળવી હતી ત્યારે સામેવાળા વ્યક્તિએ સમજાવ્યું હતું કે, એન.બી.સી.સી નામની કંપની સરકારી આવાસ યોજનાની કંપની છે જેમાં પૈસાનું રોકાણ કરવાથી બે કલાકમાં સારું એવું રિટર્ન મળશે.

જેથી તેણીએ પ્રથમ ૧૯ હજારનું રોકાણ કર્યું હતું જેના બદલામાં ૨૦ હજાર વળતર પરત મળ્યું હતું. જેથી વધુ રોકાણ કરીને વધુ નફો કમાવાની લાલચમાં આશાબેને ધીમે-ધીમે ૬.૬૦ લાખનું રોકાણ કર્યું હતું પરંતુ મૂળી અને વળતર પરત નહીં મળતા પોતાની સાથે ફ્રોડ થયું હોવાનું ધ્યાને આવ્યું હતું. ઘટના અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# હોટેલ સંચાલકની કાર વેચાણથી લઈ શખ્સે રૂપિયા નહિ ચૂકવી કરી ઠગાઈ

### વેચાણ કરાર રદ કર્યા બાદ પૈસા કે કાર નહિ આપતા ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફટ રિંગ રોડ માટેલ સોસાયટી શેરી.૩માં રહેતા અભીષેકભાઈ સુરેશભાઈ પાનસોરા (ઉ.વ-૨૫)ની ભગવતીપરાના સુખસાગર હોલ પાસે રામ પાર્કમાં રહેતા બાવ-ાશા યાશીનશા પઠાણે વેચાણ કરી લઈ ગયા બાદ વેચાણ કરાર રદ કરી કાર પરત આપવાના બદલે પડાવી લેતા વિશ્વાસઘાત અંગેની ફરિયાદ નોંધાઈ હતી. અભિશેકભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજથી છ મહિના પહેલા મારે સ્વીફ્ટ ગાડી વેચવી હોય જેથી મીત્ર મેહુલભાઇ બારોટને વાત કરેલ હતી જેથી આશરે બે-ત્રણ દીવસ બાદ તા.૦૭/૦૪ના રોજ રાત્રીના મેહુલભાઈ બારોટ મારી યુનિ. રોડ પર આવેલ માધવ હોટલ ખાતે આવેલ અને મને કહેલ કે તમારી સ્વીફ્ટ ગાડી મારા મીત્ર બાવાશા યાશીનશા પઠાણને લેવી છે. જેથી તમારી ગાડી આપો જેથી આ બાવાશા પઠાણને બતાવી દઉંઅને કાલે સવારે આપણે ચર્ચા કરી નોટરી કરાર કરી નાખીએ તેમ કહી મારી સ્વીફ્ટ ગાડી આ મેહુલભાઈ બારોટ અમારી માધવ હોટલ ખાતેથી લઈ ગયેલ અને બીજા દિવસે હુ મારા બનેવી રામકુભાઈ તથા મારા મીત્ર મેહુલભાઈ બારોટ અને બાવાસા યાશીનશા પઠાણ એમ ચાર લોકો ભેગા થયે લ અને વાત-ચીત થયેલ કે ગાડી વેચાણ પેટે રૂ.૮૦,૦૦૦/રોકડા આપવાના અને ગાડી પરની લોનના હપ્તા હવે પછી ખરીદનાર બાવાશા પઠાણએ ભરવાના રહેશે અને આ બાવાશા પઠાણને હુ ઓળખતો ના હોય જેથી મારી ગાડીના હપ્તા ભરવાથી લઈને ઉપરોક્ત વેચાણના રૂ.૮૦,૦૦૦/- આપવાની અને ગાડી બાવાશા પઠાણના નામે ટ્રાન્સફરના થઈ જાય ત્યા સુધીની સંપુર્ણ જવાબદારી મારા મીત્ર મેહુલભાઈ બારોટે લેતા મે મારી સ્વીફ્ટ ગાડી વેચાણ કરારથી તા.૦૮/૦૪ના બાવાશા પઠાણને સોપી હતી. બીજા દિવસે મીત્ર મેહુલભાઈ એ સ્વીફ્ટ ગાડી વેચાણ પેટેના રૂ. ૩૦,૦૦૦/- રૂપીયા ગુગલ-પે થી મારા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલ અને બાકી રહેતા વેચાણ પેટેના રૂ.૫૦,૦૦૦/- બે-ત્રણ દીવસમા ટ્રાન્સફર કરાવી દેશેનુ જણાવેલ જે બાદ આશરે ચારેક મહિના સુધી મેહુલભાઈ તેમજ બાવાશા પઠાણ બન્નેએ માત્ર વાયદાઓ આપેલ પરંતુ વેચાણના બાકી રહેતા પૈસા આપેલ નહી. ચારેક મહીના સ્વીફ્ટ ગાડીના હપ્તા ભર્યા બાદ ગત બે મહીનાથી બાવાશા પઠાણએ ગાડીના હપ્તા ભરવાનુ બંધ કરી દેતા આ અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે બાવાશા વિરુધ્ધ અરજી આપેલ હોય જેથી આ બાવાશાએ મને જણાવેલ કે મારી પાસે વેચાણ પેટેના બાકી રહેતી રકમ કે ગાડીના હપ્તા ભરવાના રૂપીયા છે નહીં જેથી આપણે વેચાણ કરાર રદ કરી નાખીએ અને જેથી પોલીસ સ્ટેશન ખાતે કરેલ અરજી પરત ખેંચી લેવાની શરતો સાથે સ્વીફ્ટ ગાડી વેચાણ કરાર તા.૧૩/૦૯ના રોજ રદ કરેલ તેમ છ્તા આ બાવાશા યાશીનશા પઠાણ નાઓ એ મારી માલીકીની સ્વીફ્ટ ગાડી પરત ન કરતા અંતે તેમની સામે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

---

# હીરાસર એરપોર્ટ પર વાઈ-ફાઈ બંધ, મોબાઈલ નેટવર્ક ઠપ્પ: લોકો પરેશાન

### નેટ ન ચાલતાં ડિજિટલ પેમેન્ટ થઈ શકતું નથી કે કોલ ન લાગતા પેસેન્જર્સને હેરાનગતિ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હીરાસર એરપોર્ટ પર ફરી એક વાર મોબાઈલ કનેક્ટિવિટી અને વાઈફાઈનો પ્રશ્ન તીવ્ર બન્યો છે. ૧૪૦૦ કરોડનાં ખર્ચે બનેલું આ આધુનિક એરપોર્ટ ટેકનિકલી મોડર્ન હોવા છતાં મુસાફરોને મોબાઈલ વાઈફાઈની સુવિધાઓ મળતી નથી...!!

રીને વિદેશથી એરપોર્ટ પર ખાસ કરીને વિદેશથી આવતાં મુસાફરોને મોબાઈલ નેટવર્ક અને વાઈફાઈ ન ચાલવાના કારણે ભારે મુલી પડી રહી છે. કોલ ન લાગવો, ઈન્ટરનેટ ન ચાલવું અને ડિજિટલ પેમેન્ટ સુધીમાં વિક્ષેપ આવવો આ સમસ્યાઓને કારણે પ્રવાસીઓ ત્રસ્ત બન્યા છે.અનેક વખત પેસેન્જર્સને ટેક્સી ચાલક,ટ્રાવેલ એજન્ટ કે એરલાઈનનાં

સ્ટાફ પાસેથી હોટસ્પોટ માંગીને નેટ મેળવે છે. ભૂતકાળમાં પણ આ જ મુદ્દે એરપોર્ટ ઓથોરિટી એડવાઈઝરી કમિટીની બેઠકમાં સાંસદોએ કડક શબ્દોમાં જવાબદાર

અધિકારીઓને ઠપકો આપ્યો હતો અને તાત્કાલિક સુવિધા શરૂ કરવાનું અલ્ટીમેટમ આપ્યું હતું. તે પછી થોડા સમય માટે વાઈફાઈ અને મોબાઈલ નેટવર્ક વ્યવસ્થા શરૂ કરાઈ અને તેનો મોટા પાયે પ્રચાર પણ થયો પરંતુ હવે ફરીથી સ્થિતિ એ જ સ્થાને આવી પહોંચી છે ‘‘શેઠની શિખામણ ઝાંપા સુધી‘‘ જેવી કહેવત સાબિત થઈ રહી છે. થોડા દિવસ ચાલેલી સુવિધા હવે ફરી બંધ થઈ જતાં એરપોર્ટ પરના મુસાફરોની ધીરજ ખૂટી છે.પેસેન્જર્સએ માંગ કરી છે કે હીરાસર એરપોર્ટને ટેકનોલોજી દ્રષ્ટિએ ખરેખર આધુનિક બનાવવા માટે તાત્કાલિક પગલાં લેવાય અને કાયમી નેટવર્ક-વાઈફાઈ સુવિધા શરૂ કરવામાં આવે.

---

# જી.ટી. શેઠ ઓર્થોપેડિક હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડ હેઠળ સારવાર શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છની જાણીતી જી. ટી. શેઠ ઓર્થોપેડિક હોસ્પિટલને સરકારશ્રી દ્વારા યોજના (આયષ્યમાન કાર્ડ) હેઠળ કેશલેસ સારવાર માટે માન્યતા આપવામાં આવેલ છે. આ અનુસાર તા.૨૩/૧૦, ગુરૂવારના અત્રે હોસ્પિટલમાં ડખઉંઅઢ યોજના (આયુષ્યમાન ભારત) હેઠળ ઓર્થોપેડિકને લગતી તેમજ જોઈન્ટ રીપ્લેસમેન્ટ જેમકે ગોઠણ તેમજ થાપાના સાંધા બદલવાની કેશલેસ સારવારની સવિધા તો હોસ્પિટલના ટ્રસ્ટી અતલભાઈ મોદીના હસ્તે પ્રારંભકરવામાં આવેલ છે. આ પ્રસંગે હોસ્પિટલના ટ્રસ્ટીઓ વી.પી.કાછેલા, નેહાબેન દફતરીએ તેમની વિશેષ હાજરી આપી હતી અને હોસ્પિટલના સેવાકાર્યમાં તમામ પ્રકારની ખાતરી



આપી હતી. આ પ્રસંગે માનદ સર્જને ડો.ડી.કે.શાહ, ડો.દિપકભાઈ શેઠ, ડો. એમ. પી.રાજા, ડો. નિશાંત ચોટાઈ, ડો વિશાલ માંગરોલીયા તેમજ હોસ્પિટલના અન્ય તબીબો વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ તકે હોસ્પિટલના મુંબઈ સ્થિત ટ્રસ્ટી તથા ચેરમેન પ્રેમલભાઈ ઉદાણી તેમજ ટ્રસ્ટી તથા સેક્રેટરી વિશાલભાઈ શેઠે શુભેચ્છા પાઠવી હતી. યોજના (આયુષ્યમાન ભારત) હેઠળ કાર્ડ ધરાવતા તમામ લાભાર્થીઓને કેશલેસ ધોરણે આ સારવાર ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આ માટે અલગ ડખઉંઅઢ ઈન્ડોર વિભાગ અદ્યતન ઢબે તૈયાર. કરવામાં આવેલ છે અને આ વિભાગને યોજના (આયુષ્યમાન કાર્ડ) હેઠળ કેશલેસ સારવાર માટે અલગથી ફાળવવામાં આવેલ છે. ઓપરેશન માટે આધુનિક મોડયુલર ઓપરેશન થિયેટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---

# પત્નીએ કારની ચાવી નહીં આપતા નસેડી પતિએ હાથમાં કાચ ઝીંકી દીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મેંગો માર્કેટ પાછળ આવેલ ખોડલધામ સોસાયટીમાં પત્ની કારની ચાવી નહીં આપતાં ઉશ્કેરાયેલા પતિએ બારીનો કાચ હાથ ઉપર માર્યો હતો. પરિણીતાને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવેલ હતી.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ, ખોડલધામ સોસાયટીમાં રહેતી અંજલીબેન ભાવેશભાઈ રામાણી નામની ૪૧ વર્ષની પરિણીતા સાંજના સમયે પોતાના ઘરે હતી ત્યારે પતિ ભાવેશ રામાણીએ ઝઘડો કરી હાથમાં બારીનો કાચ મારી દીધો હતો. પરિણીતાએ ઈજા પહોંચતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પ્રાથમિક પુછપરછમાં અંજલીબેન રામાણી અને ભાવેશભાઈ રામાણીના બીજા લગ્ન છે. ભાવેશભાઈ દારૂના નશામાં ગમે ત્યાં કાર મુકીને આવતાં રહેતા હોવાથી પત્નીએ કારની ચાવી આપવાની ના પાડી હતી. જેથી ઉશ્કેરાયેલા પતિએ માર માર્યો હોવાનો આક્ષેપ



કરવામાં આવ્યો છે. બીજા બનાવમાં ગંજીવાડા મેઈન રોડ પર રહેતો અમને ભરતભાઈ ગોહિલ નામનો ૨૫ વર્ષનો યુવાન રાત્રીનાં સમયે મિલપરા મેઈન રોડ પર હતો. ત્યારે અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.